Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

THE ATMANAND PRAKASH REGISTERED No. B. 431

श्रीमद्विजयानन्दसूरिसद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः

सम्यक्त्वं सत् प्रदत्ते प्रकटयति गुरौ वीतरागे च भक्तिं
माधुर्यं नीतिवल्ल्या मधुरफलगतं राति संसारमार्गे ।
भव्यानारोहयत्यात्महितकर गुणस्थानपाटीं प्रकृष्टां
आत्मानन्दप्रकाशः सुरतरुरिव यत्सर्वकामान् प्रसूते ॥१॥

पुस्तक १३. } वीर संवत् २४४२ चैत्र. आत्म सं. २०. } अंक ९ मो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा,—भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ઠ. | નંબર. | વિષય. | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧ | માંગલિક પદ્ય. ... ... ... | ૨૦૧ | ૭ | કર્મ મિમાંસા. ... ... | ૨૦૯ |
| ૨ | જૈનેંદ્ર સમયસ્તુતિ. ... ... | ૨૦૧ | ૮ | શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું દસમું સંમેલન. ... ... | ૨૧૯ |
| ૩ | હૃદયનિમંત્રણા. (પદ્ય) ... ... | ૨૦૨ | | | |
| ૪ | જીવન અને મૃત્યુ. ... ... | ૨૦૩ | ૯ | સૂક્તમુક્તાવલી ભાષા અનુવાદ. | ૨૨૦ |
| ૫ | શ્રાવક ધર્મોચિત આચારોપદેશ | ૨૦૬ | ૧૦ | વર્તમાન સમાચાર. ... | ૨૨૩ |
| ૬ | મનુષ્યને શાથી હાર ખાવી પડે છે? | ૨૦૮ | ૧૧ | ગ્રંથાવલોકન. ... ... | ૨૨૪ |


વાર્ષિક—મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### અમારા માનવંતા ગ્રાહકોને ખુશખબર.

## તેરમા વર્ષની અપૂર્વ ભેટ.

# " શ્રી ચંપકમાલા ચરિત્ર "

( ગુર્જર—અનુવાદ )

**( અદ્ભુત મનોવેધક શીયલના મહાત્મ્યને જણાવનાર રસયુકત કથા. )**

આર્હત ધર્મના શ્રીમાન્ **ભાવવિજયજી** વાચકનો રસ—અલંકારયુક્ત આ લેખ ઉત્કૃષ્ટ પદે આવેલો છે. આલંકારિક અને રસિક ભાષામાં ઉતારેલું આ સતીચરિત્ર અતિ રસિક અને સુબોધક છે. ચરિતાનુયોગની ઉપયોગિતા જે જે વિષયો પરત્વે સિદ્ધ કરવામાં આવી છે તે આ ચરિત્રના વિષયમાં સંપૂર્ણ રીતે દર્શાવવામાં આવી છે. ધર્મનો પ્રભાવ, શીયલ—સદાચારનું મહાત્મ્ય, ભાવનાની ભવ્યતા આ ચરિત્રમાં પ્રત્યેક પ્રસંગે ઉછળે છે. કાવ્યકળાના સમુદ્રનું મથન કરી રત્નરૂપે પ્રગટ કરેલો આ ગ્રંથ ઉત્તમોત્તમ કાવ્યનો અપ્રતિમ નમુનો છે. એકંદર રીતે જૈનોના ધાર્મિક અને સુબોધક ચિત્ર તરીકે આ ચરિત્રનો લેખ અતિ ઉપયોગી છે, જેથી વાચકના હૃદયમાં આ ગ્રંથનું સ્વભાવિક અનુમાન થાય તેવું છે. સર્વ સ્ત્રી પુરૂષોને વાંચતા આનંદ સાથે ધર્મયુક્ત બોધ આપે અને સદ્‌વર્તનશીલ બનાવે તેવો આ ગ્રંથ છે.

આ ચરિત્રનો મૂળ ગ્રંથ ( સંસ્કૃત ) અમારા તરફથી પ્રસિદ્ધ થયેલો છે. તે મૂળ ગ્રંથના આશયને અવલંબી તેનો અનુવાદ પણ શ્રીમાન્ મહારાજ શ્રી **મૂળચંદ્રજી** ગણીના પ્રશિષ્ય મુનિરાજશ્રી **મણિવિજયજી**એ શુદ્ધ અને સરલ કરેલો છે, વળી સંસ્કૃતના અભ્યાસીઓને સુગમ પડે તેટલા માટે ભાષાંતરમાં પણ શ્લોકના અંકો મુકવામાં આવ્યા છે.

સદરહુ ગ્રંથનો બહોળો ફેલાવો થવા, તેમજ અમારા માનવંતા ગ્રાહકો પણ આવા ઉત્તમોત્તમ અપૂર્વ ગ્રંથનો અમૂલ્ય લાભ લે તેવા ઈરાદાથી આ વર્ષે ઉકત ગ્રંથ ભેટ આપવાનો ઠરાવ કરવામાં આવેલ છે, જેથી સદરહુ ગ્રંથ છપાવવો શરૂ થયો છે જે આવતા માસમાં તૈયાર થશે.

**દરેક વર્ષે ધારા મુજબ નિયમિત ભેટની બુક આપવાનો ક્રમ માત્ર અમારોજ છે, તે અમારા સુજ્ઞ બંધુઓના ધ્યાન બહાર હશેજ નહીં.**

આઠ આઠ માસ થયા ગ્રાહકો થઈ રહેલા અને તેમાં આવતા વિવિધ વિષયોનો આસ્વાદ લેનારા અમારા માનવંતા ગ્રાહકો ભેટની બુકનો સ્વીકાર કરી વી. પી. સ્વીકારી લેશે જ એમ અમોને સંપૂર્ણ ભરૂસો છે. **છતાં અત્યારસુધી ગ્રાહક રહ્યા છતાં ભેટની બુકનું વી. પી. જે ગ્રાહકોને પાછું વાળવું હોય અથવા છેવટે બીજા બહાના બતાવી વી. પી. ન સ્વીકારવું હોય તેઓએ મહેરબાની કરી હમણાંજ અમોને લખી જણાવવું કે જેથી નાહક પોસ્ટના પૈસાનું નુકસાન સભાને ખમવું પડે નહીં, તેમજ અમોને તથા પોસ્ટખાતાને નકામી તસ્દીમાં ઉતરવું ન પડે. એટલી સૂચના વી. પી. નહીં સ્વીકારનાર ગ્રાહકો ધ્યાનમાં લેશે એવી વિનંતિ છે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थ परिज्ञाने यत्नोविधेयः ॥

पुस्तक १३ ] वीर संवत् २४४२, चैत्र. आत्म संवत् २०. [ अंक ९ मो.

## मांगलिक पद्य.

(શાર્દૂલ વિક્રીડિત.)

જેનું પ્રૌઢ ચરિત્ર ના સ્ખલિત છે દુષ્ટોતણા દર્પથી,¹
જેમાં દૈવી વ્યતિકરો પ્રકટતાં, સદ્ધ્યાન સંકલ્પથી;
જેની પુણ્યપ્રભા દિગંત⁴ વિલસે, વિશ્વત્રયે સર્વદા,
અંતર્યામી⁵ શ્રી પાર્શ્વનાથ અમને, અર્પો શુચિ સંપદા.

## जैनेंद्र समय स्तुति.

(શિખરિણી.)

અનાદિ સંસારે અવિચલપણે સામ્ય ધરતું,
મહાનુભાવોનાં હૃદય તિમિરો સદ્ય હરતું;
વળી સંગે જેના ક્ષતિ,⁶ દૂર થતી આત્મ ગુણમાં,
પ્રસારો શાંતિ એ સમય⁷ જિનનું ભવ્ય ગણમાં.

F

૧ ગર્વથી ૨ આધ્યાત્મિક ૩ જ્ઞાનાદિ ગુણોનું પ્રકટીકરણ. ૪ ચોતરફ.
૫ વસ્તુ સ્વરૂપ ઓળખનારા. ૬ ઝાંખપ. ૭ શાસ્ત્ર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# હૃદય-નિમંત્રણા.

( કાફી-હોરી )

નાથ અમ હૃદય પધારો, સંશય સકલ સંહારો,
વિવિધ રસોમાં રસિક બનાવી, [1]નવનીત નવ ઉપજાવો;
સુખમય શાંત સુધારસ સિંચી, [2]અનહદ સુર વજાવો;
શાંતિ અકળ સંચારો. .... .... .... .... નાથ.

જ્ઞાનમેઘ મહાગર્જન સુણતાં, ભવ્ય મયૂરો નાચે,
ઝરમર વરસે અભિનવ ધારા, અમર આનંદે માચે;
અમારા આંતર અરિઓ વારો. .... .... .... નાથ.

ભિન્ન ભિન્ન જે નયવાદોમાં, અકળ કળા વિલસે છે,
સકળ નયોએ તવદર્શનમાં, [3]સામ્યપણે નિવસે છે;
અદ્ભુત અનુભવ સારો. .... .... .... .... નાથ.

રાગદ્વેષના શાશ્વત સત્યો, પ્રકટપણે સમજાવો,
ભાવના એ અક્ષય સ્થિર સ્થાપી, દર્શન યોગ સજાવો;
અમારા એ ઉદ્ગારો. .... .... .... .... નાથ.

ચંદ્ર ઉદયથી રાત્રિતણી જે, યોગ નિદ્રા [4]અળપાતી,
તવ મુખ ચંદ્રની જ્યોતિ ઝળકતાં, કુમતિ જાય લપાતી;
સુમતિ સંગ સત્કારો. .... .... .... .... નાથ.

જ્ઞાનતણી ગંગા રેલાવો, સર્વ પ્રદેશ સમાવો,
રાગદ્વેષ વળી કર્મતણું બળ, હરવા અમ ઉર આવો;
સદ્ય ભવજલધિ તારો. .... .... .... .... નાથ.

આત્મિક ગાન આ સહજ રુચિમાં, સમ્યગ્ દર્શન અર્પો,
[5]કરણ વિશેષે વીર્ય ઉછળતાં, અવિચલ સુખ [6]સંતર્પો;
અમીદૃષ્ટિ વિસ્તારો. .... .... .... .... નાથ.

F.

---

૧ અદ્ભુત રહસ્ય. ૨ સોડહં ધ્વનિ. ૩ સરખાઈથી. ૪ દૂર થતી. ૫ અપૂર્વ કરણ વિગેરે આત્મિક બળ વિશેષ. ૬ પમાડો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જીવન અને મૃત્યુ.

( અનુસંધાન ગતાંક પૃષ્ઠ ૧૯૭ થી શરૂ. )

જીવનમાં પુરૂષાર્થનું સ્થાન વિચારવાની સાથે જે ભૌતિક ભાવના–જડવાદ મનુષ્ય બંધારણમાં મૂળ ઘાલીને પેઠેલો છે, તે તરફ પ્રથમ દૃષ્ટિક્ષેપ કરવાની જરૂર છે. એ તો ચોક્કસ સિદ્ધ છે, અને શાસ્ત્ર પણ પુનઃ પુનઃ એજ નિવેદન કરે છે કે જીવ–જડનો વિવેક સમજ્યા વગરનીજ આ કાળે આપણા આત્માની પરિસ્થિતિનું નિયમન હોઇ આપણી ભાવના જડવાદના રંગથી ઓતપ્રોત છે. ચાલી આવતી પૂર્વજન્મની કુવાસનાઓ અને જે વાસનાઓ આ જન્મમાં દૂર થવા યોગ્ય છે અને જે સહજ પ્રયત્ને દૂર કરી શકીએ તેવા વિકાસવાળી સ્થિતિમાં છીએ એ વાસનાઓને આપણે એવા સંયોગોમાં વધવા દીધી છે કે તે વાસનાઓ દૂર કરવાને બદલે, આપણે તેમને પોષણ આપતા આવ્યા છીએ; પરંતુ જે ભૌતિક ભાવના આત્મા ઉપર અવિરતપણે સત્તા જમાવી રહી છે તેનું કેંદ્રસ્થાન પુરૂષાર્થ વગર જાણી શકાય તેવું નથી.

પુરૂષાર્થમય જીવનવાળી વ્યક્તિઓના વૃત્તાંતથી ભરપૂર ઇતિહાસ જનસમાજને કહે છે કે 'તું ભલે આ જગત્‌માંથી ચાલ્યો જઇશ પરંતુ હું તને કદાપી ભૂલી જઇશ નહિ.' જ્યારે ઇતિહાસનો આ મધુર સ્વર વિકાસ પામેલા મનુષ્યના હૃદયમાં નવજીવન પ્રેરે છે, ત્યારે મનુષ્ય જડ ઘાલી બેઠેલી જડવાદની ભાવનામાંથી ટટ્ટાર થાય છે; અને સમજી શકે છે કે જગત્ મને ભૂલી જશે પરંતુ મારા પુરૂષાર્થમય જીવનને અમર ઇતિહાસના પૃષ્ઠો તો સાચવી રાખશે. પરંતુ આ ઉપરથી એ સિદ્ધ થતું નથી કે એ મનુષ્ય ભવિષ્યના ઇતિહાસને માટે અથવા અમર યાદગીરીની ખાતર સ્વકર્તવ્ય સિદ્ધ કરવા પ્રેરાય છે. મતલબ કે તેને પોતાને તે પરિસ્થિતિ સાથે કાંઈપણ લાગતું વળગતું નથી, પરંતુ કાળના સ્વભાવ અનુસાર એ જીવન અને તેની ભાવના જળવાઈ રહે છે; એ અહીં સત્ય સમજવાની ખાતર કુદરતનો એક વિશિષ્ટ પ્રકારનો નિયમ અંકિત કરી પુરૂષાર્થમય જીવન વાસ્તવિક જીવન તરીકે દર્શાવવામાં આવેલું છે. જીવનના દૃષ્ટિબિંદુઓનો વિવેકપુરઃસ્ર નિર્ણય કરી લઈ પૃથ્વીમાં ગમે તે સ્થાને રહી મનુષ્યપણાનો ઉચ્ચ આદર્શ (Ideal) જગત્ સમક્ષ રજુ કરવો, માનુષી શક્તિનો વિકાસ કરવો, અને જનસમાજની ઉન્નતિમાં પ્રતિપળ હાજર રહેવું એ પુરૂષાર્થની ઉત્તમ ભાવનાનું અને તેને નીભાવવાનું રહસ્ય છે.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થો નીતિશાસ્રકારે આપણી સમક્ષ ચોક્કસ પ્રકારના નિર્ણય પછી રજુ કરેલા છે, પરંતુ એ પુરૂષાર્થો વિવેકદૃષ્ટિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( analytical eye ) માં જેટલે અંશે સમાય તેટલે અંશે ચરિતાર્થવાળા છે. દષ્ટાંત તરીકે અર્થનું ઉપાર્જન હિંસા અને અસત્યના કાર્યોને જન્મ આપતું હોય, ધર્મને નામે જીવનકલહો ઉત્પન્ન થવાની સાથે સમાજ ભાવના છિન્નભિન્ન થતી હોય, વિષયસેવન મર્યાદાને ઉલ્લંઘી મનુષ્ય જીવનને મૃત્યુની છાંયાથી છાઈ દેતું હોય તો નીતિશાસ્ત્રકાર એ સ્થિતિમાં પુરૂષાર્થ કદી કહેતા નથી. આ ઉપરથી એ સિદ્ધ થાય છે કે ' જીવનનું પ્રત્યેક કૃત્ય નીતિ અથવા ધર્મની પુષ્ટિ કરનારૂં હોય એજ પુરૂષાર્થ નામને સુઘટિત છે. '

મનુષ્યોનો મોટો વિભાગ આપણને પ્રાપ્ત થયેલા દશ પ્રાણો તેજ જીવવાનું સાધન અને એ દશ પ્રાણોનું અસ્તિત્વ હોય ત્યાંસુધીજ જીવન અને તેની સમાપ્તિમાંજ જીવનની સમાપ્તિ માને છે; અને એ સ્થૂલદષ્ટિએ એમને માટે યોગ્ય છે, પરંતુ બુદ્ધિના પ્રદેશ ઉપર વિહરવાથી એ દશ પ્રાણોમાં જીવનની માન્યતા માત્ર આરોપિત માન્યતા જણાશે એમ શાસ્ત્રના અભ્યાસના સૂક્ષ્મ અવલોકનથી સિદ્ધ થવું જોઇએ.

જીવનના પ્રત્યેક વિભાગમાં ઇંદ્રિય અને મન જે વડે જીવનની હયાતી અત્યારસુધી માનેલી છે, તે ઇંદ્રિયો અને મન આત્માને શુભાશુભ ફળની પ્રાપ્તિ માટેના સાધનો માત્ર છે. શરીરશક્તિ જગતમાં રહેલા સ્વયોગ્ય પદાર્થોનો સ્પર્શદ્વારા અનુભવ કર્યે જાય છે, જીવ્હા સ્વાદથી વસ્તુઓમાં સુખ દુઃખની ભાવના સ્થાપે છે, નાસિકા ગંધદ્વારા સ્વશક્તિની મર્યાદા સિદ્ધ કર્યે જાય છે, આંખ નિરીક્ષ્ય વસ્તુઓને સમીપ રાખી હર્ષ શોકમાં તલ્લીન બનાવે છે. અને મન પણ પ્રત્યેક પળે કાંઇને કાંઈ ચિંતવનમાં મસ્ત થયેલું હોય છે. આ રીતે નિરંકુશપણે આત્મા એ સાધનોને કામે લગાડતો હોવાથી, જો કે તે શક્તિ વિશેષ હોવાથી સ્થૂલદષ્ટિએ કેટલાક પુરૂષાર્થ માની લીએ છે, પરંતુ એ ભાવનાની પાર જઇ વિચારવાની આવશ્યક્તા છે કે પુરૂષાર્થ હમેશાં વિવેકદષ્ટિના વર્તુળમાંજ રહે છે. પૂર્વોક્ત ઇંદ્રિયો અને મનની પરિસ્થિતિઓ ચોક્કસ આકારમાં—મર્યાદામાં સુશ્લિષ્ટ થાય અને એવી પરિસ્થિતિમાં નાનામાં નાના પુરૂષાર્થને જન્મ આપે તો એ પુરૂષાર્થમય જીવન વાસ્તવિક જીવન તરીકે ગણાવા યોગ્ય છે.

અમુક ગંતવ્ય તરફ જવાના ઉદ્દેશપુરતી વિવેક દષ્ટિ શાસ્ત્રના સૂક્ષ્મ અવલોકન દ્વારા જાણી શકાય છે. જો તે અમુક પદ્ધતિથી શરૂ થાય તો બહુ અસરકારક અને ફળપ્રદ નીવડે છે. કેટલાએક મનુષ્યો વિજ્ઞાનવિદ્યાની સિદ્ધિમાંજ પુરૂષાર્થ માની લે છે, કેટલાએક ક્રિયા કાંડોમાંજ મશગુલતાને જીવનકર્તવ્ય માની લે છે, અને અભિમાન, મશ્કરીઓ અને એવીજ બીજી વાસનાઓને આધીન થઈ પુરૂષાર્થમય જીવન માનતાં કેટલાએક કેટલી ગંભીર ભૂલ કરતા હોય છે, એ આથી હવે સ્પષ્ટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થશે. જેમના હૃદયની ભાવનાઓ અને કાર્યો ઇતિહાસના અમર પૃષ્ઠો ઉપર જ્યોતિર્મય અક્ષરે કોતરાઈ રહેલાં છે, અને રહે છે, તેઓજ વાસ્તવિક–પુરૂષાર્થમય–જીવનવાળા છે. તેઓ મરી જવા છતાં આ મૃત્યુલોકમાં અમર રહી જાય છે, અનેક જાતની આસમાની–સુલતાનીઓ આ જગત્ ઉપર ઉથલપાથલ કરે છતાં તે મહાત્માઓના નામને કોઇપણ જાતનો ફેરફાર ભુંશી શકશે નહિ. અનિત્યતાના પ્રબળ તોફાનમાં પણ એ પ્રભાવશાળી મનુષ્યો હમેશાં નવયુવક રૂપે અમર રહેશે.

આ ઉપરથી આપણે જીવન બે પ્રકારના છે, એવા નિર્ણય ઉપર આવીએ છીએ; અને તે પશુ જીવન અને માનવ જીવન. પશુ જેવું વર્તન જ્યાંસુધી આપણું હોય છે, ત્યાંસુધીમાં આપણે મનુષ્ય છતાં પશુ જીવન જીવતાં ગણાવા યોગ્ય છીએ; એવીજ રીતે મૃત્યુના પણ બે પ્રકારો શાસ્ત્રમાં કહ્યા છે, એ આપણી દૃષ્ટિ સમીપ વિચારણાના વિષયમાં આવી શકે છે, અને તે બાળમૃત્યુ અને પંડિતમૃત્યુ. પશુ જીવન ગાળી દશ પ્રાણથી વિમુક્ત થવું, એ બાળમૃત્યુની ગણનામાં આવે છે; જ્યારે પુરૂષાર્થમય જીવનવાળાનો બાહ્ય પ્રાણોનો ત્યાગ એ પંડિત મૃત્યુની કોટીમાં આવે છે.

આવી સ્થિતિમાં જીવન મૃત્યુની ભાવના સિદ્ધ કરી, પુખ્ત વિચાર કરી જીવનના દૃષ્ટિબિંદુઓની ગ્રંથિઓ જુદા જુદા અનુભવથી આપણે ઉકેલવાની છે અને એ ઉકેલવા ઉપર આપણા બાળ અને પંડિત મૃત્યુનો આધાર રહેલો છે. વિશ્વધર્મની સાથે આપણી ઇચ્છા જ્યારે મેળ ખાય ત્યારેજ આપણે ખરેખરા પુરૂષાર્થપ્રેમી બની શકીએ. વિવિધ પ્રકારના પૂર્વ પરિચિત આસક્તિઓના બળથી આપણી પ્રકૃતિ લગભગ પથ્થર જેવી કઠોર થઇ ગઈ છે; એ પાષાણ ફાટવાને માટે આપણા મનોબળને તીવ્ર કરવું જોઇએ; એ ફાટવાની સાથે જીવનનું સર્વવ્યાપી આકાશ ખુલ્લું થશે અને સત્ય સ્વરૂપ દેખાતાં પુરૂષાર્થમય જીવનની કિંમત સમજાશે. મૃત્યુનો ભય પણ લગાર રહેશે નહિ. તે વખતે મૃત્યુને આપણે 'સત્કાર કરવા લાયક અતિથિ' ગણશું. પણ તે કયારે ? સ્વાર્થભોગની ભાવનાથી પુરૂષાર્થમય જીવન વ્યતીત કર્યું હશે અને એ ભાવનાનું સતત્ પોષણ કરી જીવનમાં તે ઓતપ્રોત થઇ હશે ત્યારેજ પ્રાણ વિયોગે મૃત્યુ છતાં અમરપણું છે. એક વિદ્વાન્ કહે છે કે— Aim of civilization is to tame the beast in man "ઉન્નતિક્રમનું લક્ષ્યબિંદુ પશુજીવન ને માનવજીવનમાં કેળવવાનું છે."

**संजय.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રાવક ધર્મોચિત આચારોપદેશ.

( ષષ્ઠ વર્ગ. )

(ગતાંક પૃષ્ટ ૧૮૧ થી શરૂ.)

( લેખક શાસનરૂચિ મુનિમહારાજ શ્રી કર્પૂરવિજયજી. )

૧ શ્રાવક રૂડાં ધર્મનાં કામ કરીને સંતોષ માની લેતો નથી. તે તો પ્રતિદિન અધિકાધિક રૂચિ સહિત ધર્મનાં કામો કર્યા કરે છે.

૨ ધર્મના પ્રભાવથીજ ઐશ્વર્ય–સુખ સંપદાને પામી જે ધર્મનોજ લોપ કરે છે તે સ્વસ્વામી દ્રોહી પાતકીનું ભવિષ્ય કેમજ સુધરે ?

૩ દાન, શીલ, તપ અને ભાવ ભેદે કરીને ધર્મ ચાર પ્રકારનો છે સદાય ભુક્તિ ( સ્વર્ગાદિક ભોગ સુખ ) અને મુક્તિ સુખદાયક એવા ઉક્ત ધર્મનું સેવન સુબુદ્ધિજનોએ આદરથી કરવું.

૪ થોડામાંથી પણ થોડું દેવું ( દાન ). મ્હોટા ઉદયની અપેક્ષા ન રાખવી. ( ઘણી સંપદા થાશે ત્યારે બહોળું દાન આપીશ એમ સમજી રાખી થોડામાંથી થોડું આપવાનો પ્રસંગ જતો ન કરવો. ) મનમાનતી લક્ષ્મી–સંપદા કોને ક્યારે થવા પામે છે ?

" દાનફળ. "

૫ જ્ઞાનનું દાન દેવા વડે જ્ઞાની થવાય છે, અભયદાન વડે નિર્ભય–ભય રહિત થવાય છે, અન્નદાન વડે સુખી થવાય છે અને ઔષધ ભેષજ આપવા વડે સદાય વ્યાધિ રહિત થવાય છે.

૬ કીર્તિ પુન્ય થકી થવા પામે છે, પણ દાન થકી નહિ. એમ છતાં જે કોઈ કીર્તિને માટેજ દાન આપે છે, તેને સુજ્ઞજનોએ વ્યસન સમજવું.

૭ વ્યાજે દેતાં ( બહુતો ) દ્રવ્ય બમણું થાય, વ્યવસાય ( વ્યાપાર ) કરતાં ચોગણું થાય, ક્ષેત્રમાં વાવતાં સોગણું થાય, પરંતુ સારા પાત્ર ( સુપાત્ર ) માં આપવાથી તો અનંતગણું થવા પામે છે.

૮ ( જીર્ણ ) દેરાસર, પ્રતિમા ( પૂજા–ભક્તિ, ) પુસ્તક પ્રકાશનાદિ, અને **સાધુ, સાધ્વી,** શ્રાવક અને શ્રાવિકા રૂપ **ચતુર્વિધ શ્રી સંઘની** યથાયોગ્ય સેવા ભક્તિ ( સંભાળ ) એ સાત ક્ષેત્રોમાં અમાપ ફળની પ્રાપ્તિ માટે યથાશકિત દ્રવ્ય વ્યય કરવો ઘટે છે.

૯ જિનેશ્વર પ્રભુની ભકિતથી ભાવિત જે ભાગ્યશાળી શ્રાવક ખાસ જરૂરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થળે ચૈત્ય કરાવે છે તે એ ચૈત્યનાં પરમાણું જેટલા કલ્પોસુધી દેવલોકનાં સુખ પામે છે. ( જીર્ણોદ્ધાર કરાવવામાં આઠગણો ફાયદો શાસ્ત્રમાં કહ્યો છે. )

૧૦ કરાવેલ દેશાસર જેટલા દિવસ ટકે તેના જેટલા સમયો થાય, તેટલા વર્ષો-પર્યંત તે દેવગતિનાં સુખ ભોગવે છે.

૧૧ સોનાની, રૂપાની, રત્નની, પાષાણની કે માટીની જિનપડિમા જે વિધિ-વત્ કરાવે છે, તે તીર્થંકર પદ પામે છે.

( આ બાબતમાં આજકાલ ઘણોજ અવિધિ દોષ ચાલતો દેખાય છે અને વગર સમજે આશાતનામાં વધારો થાય છે, તે વાત ખાસ લક્ષમાં રાખી જ્યાં દેશ-કાળમાં આ કાર્ય કરાવવું વધારે લાભદાયક હોય ત્યાંને માટે ઉક્ત ઉપદેશની સાર્થકતા સમજવી. )

૧૨ એક અંગુઠા જેવડી પણ પ્રભુની પ્રતિમા જે મહાનુભાવ વિવેકથી કરાવે છે, તે ઇંદ્રની પદવી પામીને અંતે પરમપદ મોક્ષને પામે છે.

૧૩ ધર્મરૂપી વૃક્ષનાં મૂળરૂપ ઉત્તમ શાસ્ત્ર મોક્ષફળને આપનાર છે, એમ સમજી સુજ્ઞજનો ભાવશુદ્ધિને કરનારાં શાસ્ત્ર પોતે લખે, લખાવે, વાંચે–વંચાવે અને સાંભળે—સંભળાવે.

૧૪ જે શ્રાવકો ધર્મશાસ્ત્રો લખી—લખાવી સદ્ગુણી ( પાત્રજનો ) ને આપે છે તે શાસ્ત્રના અક્ષર જેટલાં વર્ષો સુધી સ્વર્ગનાં સુખને પામે છે.

૧૫ જ્ઞાન—વિજ્ઞાનવડે શોભિત જે સુજ્ઞજનો જ્ઞાનભક્તિ કરે છે તે અંતે જેનો કદાપિ ક્ષય ન થાય, એવું સર્વજ્ઞપદ પામે છે.

૧૬ સર્વ સુખનું કારણ અન્નદાન છે, એમ જાણતો શ્રાવક સાધર્મીવાત્સલ્ય શક્તિ અનુસારે પ્રતિવર્ષ કરે.

૧૭ પોતાના ભાઇભાંડુ વીગેરે કુટુંબીઓને ઘણા હેતથી ( સ્વાર્થબુદ્ધિવડે ) જમાડવા એ સંસાર વૃદ્ધિનું કારણ છે ત્યારે ( નિઃસ્વાર્થપણે ) સાધર્મી બંધુઓને પ્રેમપૂર્વક જમાડવા તે સંસારસમુદ્ર તરવાને સાધનરૂપ છે. ( વસ્તુ એકજ છતાં આશયભેદથી ફળમાં મ્હોટો તફાવત પ્રગટ સમજાય એવો છે. )

૧૮ એમ સમજી સુજ્ઞ શ્રાવકો પ્રતિવર્ષ શક્તિ અનુસારે શ્રી સંઘને પોતાના ઘરે પધરાવી તેની યથોચિત્ત સેવાભક્તિ કરે અને શ્રી ગુરૂ મહારાજ પ્રત્યે શુદ્ધ–નિર્દોષ વસ્ત્રો ભક્તિપૂર્વક આપે.

૧૯ વસતી ( રહેવાનું સ્થાન ) આહાર, પાણી, પાત્ર, વસ્ત્ર, ઔષધ ભેષજ પ્રમુખ સાધુ જનોને ખપે તેવી નિર્દોષ વસ્તુઓ પોતે સંપૂર્ણ સુખી ન હોય તોપણ તે યથાશક્તિ આપે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૦ સુપાત્રમાં જે નિર્દોષ દાન અપાય છે, તેથી કશી હાનિ થતી નથી પણ કૂવા, આરામ ( બગીચા ) અને ગાય પ્રમુખની પેરે સંપદાની વૃદ્ધિ થવા પામે છે.

(કૂવો પાણી આપે છે, બગીચા ફળ આપે છે, અને ગાય વીગેરે દૂધ પ્રમુખ આપે છે, તેને કશી હાનિ થતી દેખાતી નથી, પણ તેથી ઘણાનો ઉપગાર સધાય છે એ લાભ મળે છે અને ખરી શોભા પણ એમાંજ છે.)

૨૧ દાન અને ભોગમાં મોટું અંતર છે. ખાધેલી વસ્તુ વિષ્ટારૂપ (મળરૂપ) થઇ જાય છે પણ દીધેલી (સત્પાત્રમાં અપાયેલી) વસ્તુ અક્ષય થવા પામે છે.

૨૨ હજારો પરિશ્રમ વેઠીને મેળવેલ અને પ્રાણ કરતાં પણ અધિક વ્હાલાં દ્રવ્યનું ખરૂં ફળ દાનજ છે.

૨૩ પૂર્વોક્ત સાત ક્ષેત્રોમાં પોતાનું ન્યાય દ્રવ્ય જે વિવેકથી વાવે છે તે શ્રાવક પોતાના ધન અને જન્મ બન્નેની સફળતા કરે છે.

શાન્તિ. શાન્તિ. શાન્તિ.

## " મનુષ્યને શાથી હાર ખાવી પડે છે ? "

જ્ઞાન એ પ્રકાશ, ત્યારે અજ્ઞાન એ અન્ધારૂં છે. જ્ઞાનથી માણસ પવિત્ર બને છે ત્યારે અજ્ઞાનથી માણસ મલિન રહે છે અને જ્ઞાનધર માણસ દેશ વિદેશે વિજય મેળવે છે, ત્યારે અજ્ઞાનધર માણસને હાર ખાવી પડે છે.

લોભી મનુષ્ય પોતાની મીલકતનો એક ટ્રસ્ટી તરીકે વહીવટ ચલાવનાર માત્ર ગણાય છે અને તેનું જીવન પણ તેજ કહીએ તો ચાલે. કેમકે ચામડી જવાનું કબુલ કરતા પણ એક પાઈ સત્કામે વાપરતા નથી તેવા મનુષ્યને હાર ખાવી પડે છે.

સત્યની સદા જયજ થાય છે. કદાચ દૈવયોગ્યે ક્ષણભર ત્હેને અસત્યમાં રહેવું પડે છે, પરન્તુ પછી તો તે પ્રગટે છેજ, અને અસત્યથી અન્તે મનુષ્યને હાર ખાવી પડે છે.

સારા અને નરસા કામનો બદલો પરભવમાંજ મળશે એવું કાંઇ ચોકસ નથી. જુઓ કેટલેક અંશે અહીં પણ પ્રત્યક્ષ અનુભવાય છે કે સારા કામે પ્રવર્ત થતા મનુષ્ય વિજયી, ત્યારે નરસા કામે મનુષ્યને હાર ખાવી પડે છે.

કુમળું ઝાડ જ્યમ વાળીએ ત્યમ વળે એ કહેવત અનુસાર બાલ્યાવસ્થામાં મનુષ્યમાં સારા વા તો નઠારા સંસ્કારો પાડવા હોય તો પડી શકાય છે, અને તે માટે માબાપને તેવું બનવું જોઇએ, કારણ કે બાલકો તો દેખે ત્હેવું શીખે એથી ઉલટું 'પડી ટેવ તે તો ટળે કેમ ટાળી' એ દલપત વાકય પ્રમાણે પછીથી પડેલા સ્વભાવને ફેરવવામાં મનુષ્યને હાર ખાવી પડે છે. અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કર્મ મિમાંસા.

(૧)

પ્રત્યેક ધર્મના સંસ્થાપકે તેણે પ્રવર્ત્તાવેલા દર્શનમાં સત્યની સઘળી બાજુઓને ન્યુનાધિક અંશે ન્યાય આપ્યો હોય છે, અને આત્માના પ્રત્યેક અંશને તૃપ્તિ આપવા તેણે બનતો પ્રયત્ન કરેલો હોય છે, તે છતાં જે કારણથી તેને નવું દર્શન ઉપજાવવા જરૂર પડેલી હોય છે, તે કારણ ઉપર વિશેષ ભાર મુકયા વિના તેને ચાલતું નથી, અને તેમ કરવા જતાં તે વિભાગને વિશેષ મહત્ત્વ તેને આપવું પડે છે અને અન્ય વિભાગો ગૌણપણાને પામે છે. જ્યારે સત્યનો કોઇ અંશ વિલુપ્ત થવાના ભયમાં આવી પડે છે, અને જનસમાજને તેનું વિસ્મરણ થાય છે, ત્યારે તેના પુનઃ સંસ્થાપન અર્થે, પ્રકૃતિના કોઈ ગહન નિયમને અનુસરીને એક બળવાન આત્માનો આવિર્ભાવ થાય છે, અને તેવા આત્માનું મુખ્ય જીવન-કાર્ય એ વિસ્મૃત થએલા સત્યાંશને તેના યોગ્ય સ્થાન ઉપર પુનઃ અધિષ્ટાપન કરવાનું હોય છે.

આ દૃષ્ટિએ જોતાં જૈન ધર્મના (આદિ પુરૂષ) વર્ત્તમાન શાસનના મુખ્ય પુરૂષ શ્રીવર્ધમાન-મહાવીર મહાત્માનું મુખ્ય જીવન-કાર્ય સત્યના કયા અંશને સ્થાપવાનું હતું, એ પ્રશ્ન થયા વિના રહેશે નહીં. જેમ (વેદમાન્ય) કૃષ્ણનો મુખ્ય પ્રબોધ નિષ્કામ કર્મયોગ, ચૈતન્યનો ભક્તિયોગ, પતંજલિનો રાજયોગ, શંકરાચાર્યનો જ્ઞાનયોગ, બુદ્ધદેવની સમાનતાની ભાવના ( ejnal rights of all ) જેસસ ક્રીસ્ટની નમ્રતા અને આમરણાંત પ્રેમની ભાવના માટે હતો તેમ મહાવીર પ્રભુનો મુખ્ય પ્રબોધ કઇ ભાવનાના પ્રચાર માટે હતો? હમને જણાય છે કે તે કર્મના મહા નિયમનું વિશ્વને દર્શન કરાવવાનો મુખ્ય હતો. અર્થાત્ આ જગત્‌માં કોઈ ઇતિર સત્તા પ્રાણીઓના શુભાશુભની નિયામક નથી, પરંતુ આત્મા પોતેજ પોતાનો નિયમદાતા છે, પોતેજ પોતાની શુભાશુભ કૃતિના પરિણામે પારિતોષિક પામે છે અને શિક્ષા પણ પામે છે. કર્મફળ પ્રદાત્રી સત્તા કોઈ ઇતર નથી પણ આત્મા પોતેજ છે. પોતાનું સ્વર્ગ, નર્ક, મોક્ષ અને સંસાર આત્મા પોતાનીજ મેળે બનાવે છે. અન્ય કોઈ સત્તાના અવલંબનની તેને જરૂર નથી. માત્ર પોતાનાજ અવલંબનની તેને અપેક્ષા છે. પારકાનો પ્રસાદ અને કૃપા અથવા અપ્રસાદ અને અકૃપા આત્માના હિતાહિતમાં કાંઈજ ડખલ કરવા શક્તિમાન નથી, પોતે પોતાની કૃતિવડે જે કારણો ઉપજાવે છે તેના પરિણામો-કાર્યો તે અનુભવે છે. મહાવીર પ્રભુનો આ પ્રબોધ આ શબ્દોમાં બહુ સરલ અને સાદો ભાસે છે, અને તેથી મનુષ્ય-સમાજ આવા દેખીતા સત્યની અવગણના કરતો હોય એમ પ્રથમ દૃષ્ટિએ માની શકાતું નથી, પરંતુ આ પ્રબોધથી એક વિરોધી ભાવના મનુષ્ય-હૃદય ઉપર અનેકવાર પ્રાધાન્ય ભોગવે છે અને તેથી આત્માના બધા ધર્મોનું સમતોલપણું સચવાતું બંધ પડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ભાવના તે પ્રસાદવાદની ભાવના છે. નિર્બળ મનુષ્યને તેની પોતાની સત્તામાં વિશ્વાસ હોતો નથી તેથી તે પોતા કરતાં કોઈ મહદ્ સત્તાની કલ્પના કરી તેના ચરણમાં પોતાનું શીર નમાવે છે અને આ સંસારના પરિતાપથી બચવા તેની કૃપા માટે દીનપણે કરગરે છે. મનુષ્ય હૃદયની નિર્બળતામાંથી ઉદ્દભવતી આ યાચકપણાની વૃતિ તેનું બહુ અહિત કરે છે, તે તેની કલ્પેલી મહા સત્તા ઉપર પોતાનો બધો ભાર મુકી દે છે. અને પોતે સ્વપુરૂષાર્થથી રહિત બની જાય છે. પોતાથી ઇતિર સત્તા ઉપર પોતાના હિત માટે આધાર રાખવાની આ વૃતિ જ્યારે અમયર્દાપણે વધે છે, ત્યારે મનુષ્યનું મુખ્ય કર્ત્તવ્ય એ સત્તાને રાજી રાખવા ભણીજ રહ્યા કરે છે. તેનીજ સેવા અર્ચના પૂજા કર્યા કરે છે. અને પોતે એક સ્વતંત્ર વ્યક્તિ છે, એવું ભાન ભૂલી જઇ પોતાનું શીર ઝુકાવી પ્રાપ્ત કર્ત્તવ્યથી ભ્રષ્ટ થાય છે. આ વૃતિથી મનુષ્યોને બચાવી લેવા માટે મહાવીર પ્રભુએ કર્મની ઉપરોક્ત મહાભાવના વિસ્તારી જગત્‌ને એક નવા તત્વનું પુનઃ ભાન કરાવ્યું હતું એમ હમે માનીએ છીએ. જૈન ધર્મની કર્મ ફીલોસોફી આ કારણથીજ સુવિખ્યાત છે અને કર્મના વિષય ઉપર એ કારણથીજ આટલી બધી ઉહાપોહ એ દર્શનમાં થએલી છે.*

હમો આ સ્થળે કર્મના વિભાગો તેના પેટા વિભાગો અને જૈન ગ્રંથોમાં પ્રતિત થતી ભંગજાળ ઉપર વિવેચન કરવાની ઇચ્છા ધરાવતા નથી. હમને પોતાને એવા પ્રકારનું અતિ વિવેચન બહુ પ્રયોજનવાળું જણાતું નથી. કેમકે એવા વર્ગીકરણોથી મનુષ્યના સામાન્ય જીવન ઉપર બહુ અસર થતી જોવામાં આવતી નથી. કર્મના કેટલા પ્રકાર છે તે કહેવા કરતાં કેવું કર્મ કેવા પ્રકારે પ્રવર્તે છે અને આત્માના કયા અંશ ઉપર અસર કરે છે, એનું વિવેક અને બુદ્ધિને અનુસરતું વિવેચન વર્તમાન મનુષ્ય–જીવનને અધિક ઉપયોગી છે. આથી મહાવીર પ્રભુના મુખ્ય કથિતાશયને–કર્મવાદને–સામાન્ય જનસમાજને ઉપયોગી થાય, તેવારૂપે કાંઇક સ્પષ્ટ કરવા પ્રયત્ન કરીશું.

* પરમાત્માની સેવા, પૂજા–અર્ચા કરવી એ આત્માની નિર્મળતા કરવા માટે છે. પ્રભુની ભક્તિ, તેનું ધ્યાન તે આત્માની ઉન્નતિ માટે આલંબન અને નિમિત્ત કારણ છે. તેવા આલંબન અને નિમિત્તોની પણ પ્રાણીને જરૂર છે. આગળ ઉપર વધવાને માટે પણ તેવા નિમિત્તોની જરૂર પડે છે. તેથી જ જૈન દર્શનમાં પરમાત્માની પૂજા, અર્ચા ભક્તિ કરવા માટે ફરમાન કરેલું છે. જેથી તેની પણ જરૂર છે. હકીકત એવી છે કે એક વ્યક્તિ કર્મો ઉપાર્જન કરતો હોય અને તેના ફળ ભોગવતી વખતે પીડાઇ દુઃખ પામી દીનપણે પરમાત્માની પાસે તેમાંથી દુર થવા યાચના કરે અને કર્મ કરતી વખતે ઉપયોગ ન રાખે, હવે પછી પણ ન કરવાનો વિચાર ન રાખે તો તેવી માત્ર ઉપલક પ્રાર્થના કરે તેથી પ્રભુ કોઇના કર્મ કાપતા નથી. પરંતુ તેઓના ઉપદેશ પ્રમાણે ઉપયોગ પૂર્વક ચાલવાથી શરૂઆતમાં તેવા આલંબનો વડે અને પછી આત્મવીર્ય ફોરવવાથી કર્મ કાપી આત્મ મુક્ત થઇ શકે છે. મેનેજર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પશ્ચિમ તરફના દેશોમાં કર્મના નિયમને ( law of karma ) કાર્ય કારણના નિયમ ( law of cause and effect ) અથવા ( law of causation ) ના નામથી ઓળખાય છે. અમુક કારણથી અમુક કાર્ય ઉદ્દભવવુંજ જોઇએ, એવો આ સૃષ્ટિમાં જે નિયમ પ્રવૃતે છે, એને આ દેશમાં " કર્મનો નિયમ " કહેવામાં આવે છે. પશ્ચિમના દેશોમાં તેને " કાર્ય–કારણના નિયમ " ની સંજ્ઞા અપાય છે. એકજ સત્યની ભાવનાને ઉભય દેશના તત્વવેત્તાઓએ બે જુદા જુદા નામથી ઉદ્દેશી છે. પરંતુ એકજ સત્યને અમુક પ્રકારની સંજ્ઞા આપવાની રિતીમાંથી તે તે તત્વવેત્તાઓની અંતર્દષ્ટિ અને જ્ઞાનનું તારતમ્ય કલ્પવાની પદ્ધતિ જો ખરી હોય તો હમારે કહેવું જોઇએ કે અત્રત્ય મહાજનો ઉપરોક્ત નિયમને પશ્ચિમ તરફના તત્વવેત્તાઓ કરતા સારી રીતે સમજેલા છે. કાર્ય અને તેનું પરિણામ જુદા નથી, પરંતુ સાથેજ છે. કર્મ ( action ) અને તેનું ફળ એ બે જુદી વસ્તુઓ અથવા ભાવનાઓ નથી, પરંતુ એકજ છે. એ સત્યના આપણા પુર્વપુરૂષો સારી રીતે જ્ઞાતા હોવાથીજ તેમણે એ સત્યને " કર્મનો નિયમ " એવું નામ અપેલ હતું. તેઓ જાણતા હતા કે એ સત્યને " કર્મ અને તેમાંથી ઉદ્દભવવા યોગ્ય પરિણામનો નિયમ " એવી સંજ્ઞા આપવી એ જનસમાજને એ સત્યનું માત્ર અરધું દર્શન કરાવવા તુલ્ય છે કેમકે કર્મ અને તેના પરિણામને જુદા પાડી શકાય તેમ નથી, તેમ તેઓ સારી રીતે જાણતા હતા. કર્મની ( action ) સાથે તેનું પરિણામ તાદાત્મ્યભાવે સંકળાએલું છે એથી માત્ર "કર્મ" ની સંજ્ઞામાં " કર્મ " અને તેનું " પરિણામ " ઉભયનો સમાવેશ થઇ જાય છે.

અમેરિકાનો મહાત્મા Emerson આ સત્યને ઉત્તમ પ્રકારે ઓળખી શકયો હતો તેણે એક સ્થાને કહ્યું છે કે 'with every action its results are bound up' અર્થાત પ્રત્યેક કર્મ સાથે તેનું પરિણામ ગ્રંથીભુત છે. જેમ પાણીની સપાટીના ભાગ અને તળીઆના ભાગ વચ્ચે કોઈ ભેદક લીંટી નથી પરંતુ તે ઉભય ભાગ એકજ રૂપે છે. તેમ કર્મ અને તેનું પરિણામ એ ઉભય એકજ તત્ત્વ છે. માત્ર કર્મ એ પાણીના સપાટીના ભાગની પેઠે બાહ્યતત્વરૂપે છે અને તેનું પરિણામ એ પાણીના તળીઆના ભાગની પેઠે અંતર્તત્ત્વરૂપે છે. કર્મ એ " વર્તમાનમાં " છે અને પરિણામ એ " ભાવિ " માં છે એમ આપણે ઘણીવાર અનુભવીએ છીએ પરંતુ એ " વર્તમાન " અને " ભાવિ " એ પાણીની સપાટી અને તળીઆની માફક એકજ અખીલ વસ્તુનોઓ બાહ્યાંતર દ્દશ્ય છે અને તે ઉભય એકજ સંજ્ઞાથી ઓળખાવા યોગ્ય છે આથીજ આપણા તત્વવિદોએ " કર્મ " એ શબ્દમાં તેના પરિણામનો પણ સમાવેશ કર્યો હતો અને કર્મ અને તેના પરિણામને એકજ ભાવનાવડે સંબોધી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્મ અને તેનું ફળ એ એકજ વસ્તુ–એકજ દૃશ્ય, અથવા ભાવના છે એ સત્ય આપણે આ કાળે ભૂલી ગયા છીએ. આપણે દૃશ્ય અને અદૃશ્ય એવા વસ્તુના બે વિભાગ કર્યા શિવાય કોઈ વસ્તુને જોઇ શકતા નથી. પરંતુ એ ખામી આપણી બાહ્યદષ્ટિમાંથી ઉદ્દભવેલી છે. વસ્તુત: એ બંને ( visible and invisible ) દૃશ્ય અને અદૃશ્ય એ બન્ને એકજ વસ્તુની બે બાજુઓ છે. જેમ આપણે ટકોરો અને તેથી ઉદ્દભવતા અવાજને જુદા પાડી શકીએ નહી તેમ કર્મ અને તેના પરિણામને પણ જુદા પાડી શકીએ નહી એકજ તત્વના આવિષ્કારરૂપે છે. આપણે જ્યારે કોઇ કર્મ કરીએ છીએ ત્યારે તે ત્રણ વિભાગમાં વિભક્ત જોઈએ છીએ (૧) તે કર્મનું પૂર્વકારણ અર્થાત તે કર્મની પ્રેરકભાવના ( motive ) અથવા ભાવકર્મ. (૨) તે પૂર્વકારણથી ઉદ્દભવતું વર્તમાન કર્મ અને (૩) તે કર્મથી ભાવિનાં પ્રગટવા યોગ્ય પરિણામ તત્વદષ્ટિથી જોતાં એ ત્રણે એકજ પ્રવૃત્તિના વિભાગો છે. જેમ ભૂત વર્તમાન અને ભાવિ એ એકજ કાળતત્વની કલ્પિત વહેંચણી છે. અને જેમ તેવી કલ્પનાથી કાળતત્વના કટકા થતા નથી તેમ કર્મનું પ્રેરક કારણ, કર્મ અને કર્મનું પરિણામ એ એકજ પ્રવૃત્તિના કલ્પીત કટકા છે.

" કર્મનો નિયમ " એ વાકય ઘણીવાર ભ્રાન્તિનું કારણ થઇ પડે છે. જેન " સમાજના નિયમો " " સરકારના નિયમો " જ્ઞાતિના નિયમો " વિગેરે નિયમો છે તેમ કર્મના પણ " નિયમો " છે એમ માનવા તરફ આપણે ઘણીવાર દોરાઇએ છીએ. વસ્તુત: તેમ નથી. ઉપરોક્ત સર્વ પ્રકારના નિયમો એ એક પ્રકારની આજ્ઞાઓ ( Commands ) છે. કર્મનો નિયમ એ ખરા અર્થમાં–વિજ્ઞાન દષ્ટિએ " નિયમ " ( Law ) છે. સમાજ, સરકાર કે જ્ઞાતિ તમને આજ્ઞા કરે છે કે "આમ કરો " " તેમ કરો ", અને તેમ કરવામાં તમે નિષ્ફળ નિવડો તો એક પ્રકારની મનસ્વી શિક્ષા કરે છે. જો કે આ આજ્ઞાઓ નૈસર્ગિક નિયમને અનુસરીને ઘડી કાઢવામાં આવેલી હોય છે, તેમ છતાં દેશકાળની પ્રચલિત ભાવનાને અનુસરવા જતાં તેમાં પૂર્ણાંશે નૈસર્ગિકતા સાચવી શકાતી નથી. કઈ આજ્ઞાના પાલનનું શું ફળ આપવું અને કઇ આજ્ઞાના અનાદરની શું શિક્ષા આપવી એનું ધોરણ સમાજ કે સરકાર, કુદરત એ પાલન કે અનાદર માટે શું ઇનામ કે સજા કરત એ ઉપર રાખતી નથી, પરંતુ પોતાને વર્તમાનમાં શું સગવડ કે અગવડ એ પાલન કે અનાદરમાંથી ઉદ્દભવશે એના ઉપર રાખે છે. તમે પારકી જ્ઞાતિના મનુષ્ય સાથે ખાનપાનાદિ વ્યવહાર રાખો તે માટે કુદરતનો કાયદો અથવા કર્મનો નિયમ કાંઈ સજા કરતો નથી કેમકે તે વૈશ્વિક નિયમ ( universal law ) ની દષ્ટિમાં મનુષ્યોના ભેદ નથી; તે તો મનુષ્ય માત્રને એક માનવ જાતિ ( human race ) રૂપે ઓળખે છે. પરંતુ સમાજ એવા પ્રકારના વ્યવહાર માટે તમારો બહિષ્કાર કે દંડ કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ શિક્ષા એ ઉપરોકત કર્મનું સાહજીક પરિણામ ( natural result ) નથી, પણ સમાજ પોતાની સગવડ ખાતર એ કૃતિનું એ પરિણામ આપે છે. તેથી એ " નિયમ " નથી પણ " આજ્ઞા " છે.

કુદરતની સૃષ્ટિમાં અથવા કહો કે કર્મના ક્ષેત્રમાં (the realm of cansation) તેવી આજ્ઞાઓને સ્થાન નથી. જેમ વિજ્ઞાનના નિયમો અચળ અને સર્વકાલીન છે તેમ કર્મના નિયમો પણ અચળ અને સર્વકાલીન છે. ઉભય નિયમો વસ્તુતઃ એકજ છે. એકનું પ્રવર્તન સ્થૂળ ઉપર હોય છે, બીજાનું સૂક્ષ્મ સૃષ્ટિ ઉપર છે. ઉભય કુદરતી છે–સહજ છે–સ્વાભાવિક છે–વિજ્ઞાનના નિયમોનું પ્રવર્તન સ્થૂળ સૃષ્ટિ ઉપર હોવાથી અમુક દૃશ્યને અમુક દૃશ્ય અનુસરે છે એમ અનેકવાર અવલોકનથી સિદ્ધ થઇ શકે છે અને " કર્મના નિયમોનું " પ્રવર્તન આત્માના ક્ષેત્ર ઉપર થતું હોવાથી કયા ભાવનું શું ફળ આવે છે તેનું અવલોકન ઇન્દ્રીય વ્યાપારોથી બની શકતું નથી, તેથીજ આપણે કર્મની ગતિને " ગહન " કહીએ છીએ. ખરી રીતે તો તે પણ વિજ્ઞાનના નિયમોની પેઠેજ સ્વાભાવિક છે અને કઇ ભાવનાનું શું ફળ મળશે એ કહી શકાવા યોગ્ય છે. પરંતુ એ સામર્થ્ય જેમણે આંતર સૃષ્ટિનો દીર્ઘ અભ્યાસ સેવેલો હોય છે તેમનેજ પ્રાપ્ત થએલું હોય છે. અને તે પણ પોતાનાજ સંબંધે કઇ ભાવનાનું શું ફળ આવશે તે સામાન્ય રીતે, કહી શકે છે, કેમકે પારકા અંતઃકરણના રાગ દ્વેષ કે બંધારણની સંપૂર્ણ અંશે, સર્વજ્ઞતા વિના તેને માહીતી મળી શકતી નથી. આમ હોવાથી કર્મના નિયમો, એ વિજ્ઞાનના નિયમોની માફક મનુષ્ય બુદ્ધિની મર્યાદામાં આવી શકતા નથી. પરંતુ એટલું ચોકસ છે કે ઉભય નિયમો એકજ ધોરણ ઉપર પ્રવર્તે છે અને એકજ મહાનિયમના સ્થૂળ સૂક્ષ્મ વિભાગો છે.

મનુષ્ય ધારે તો સમાજ વગેરેના નિયમને તોડી શકે છે અને છતાં તે માટે ઠરાવેલી શિક્ષામાંથી કદાચ ભાગી છુટી પણ શકે છે, કુદરતનો નિયમ મનુષ્ય તોડી શકતો નથી. કદાચ અનાદર કરે ખરો પરંતુ તે અનાદર માટે ઉદ્દ્ભવવા યોગ્ય શિક્ષાથી ભાગી છુટી શકતો નથી. અમુક સંયોગો અથવા પરિસ્થિતિને અમુક પરિણામ અનુસરેજ છે અને તેમાં અન્યથા થાયજ નહીં એનું નામ કુદરતી નિયમ કહેવાય છે. એ નિયમ તમને અમુક કરવાની કે ન કરવાની આજ્ઞા અથવા નિર્દેશ કરતો નથી. પરંતુ જો તમારે અમુક પરિણામ જોઈતું હોય તો અમુક કાર્ય કરો એમ કહે છે. ઘઉં વાવવાથી ઘઉં લણાય છે, જવ વાવવાથી જવ પાકે છે એમ કુદરત તમને કહે છે. પરંતુ એમાંથી શું વાવવું એ તમને કુદરત હુકમ કરી શકતી નથી. ઉભયમાંથી તમને પસંદ હોય તે વાવો. પરંતુ વાવ્યા પછી એકને બદલે બીજું મળે એ આશા રાખવી વ્યર્થ છે. કેમકે મનુષ્યકૃત નિયમની પેઠે કુદરતના નિયમો પરિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્તનશીલ કે ક્ષણિક નથી. અલબત તમને શું વાવવું તેની પસંદગી અથવા સ્વાતંત્ર્ય એ નિયમ પ્રથમથી જ આપે છે. પરંતુ પાછળથી તેમાંથી બીજું પરિણામ તમે માગો તે કુદરત તમને કોઈ રીતે આપી શકે નહીં. તમને ઘઉંની ઇચ્છા હોય તો બાજરો અથવા મગ વાવવા એ તદ્દન નકામું છે. ઘઉં વાવ્યા પછી ઘઉંના પરિણામથી તમે કોઈ રીતે નાશી છુટી શકો તેમ નથીજ. આ અચળ, સ્થીર નિયમને અમે કર્મનો મહા નિયમ કહીએ છીએ. "વાવે તેવું લણે" એ અત્યંત સાદા અને સરળ નિયમનું રહસ્ય જ્યારે વિચારીએ છીએ ત્યારે આશ્ચર્ય નિમગ્ન થયા વિના રહેવાતું નથી.

સ્થુળ સૃષ્ટિ ઉપર પ્રર્વતતો આ અચળ નિયમ જ્યારે મનના સૂક્ષ્મ પ્રદેશ ઉપર આપણે ખેંચી જઈ તેનું તે પ્રદેશ ઉપરનું પ્રવર્તન વિચારીએ છીએ ત્યારે ત્યાં પણ એ નિયમ એજ પ્રકારે કાર્ય કરે છે. એમ માનવામાં કાંઇ બાધ આવતો નથી. સ્થુળ અને સૂક્ષ્મ એ અસ્ખલિત સળંગ સંબંધવાળી સૃષ્ટિઓ છે અને તે સર્વ ઉપર એકજ મહાનિયમનું આધિપત્ય છે, એકજ નિયમ સતત, નિત્ય અવિકાર્યરૂપે ઉભય સૃષ્ટિ ઉપર સામ્રાજ્ય ભોગવી રહ્યો છે, (as below so above) (જેમ આંહી તેમ ત્યાં) એ કોઈ યુરપવાસી મહાપુરૂષનું કથન ખરેખર સત્ય છે. તમારે જે સૃષ્ટિ ઉપર જે પરિણામ ઈષ્ટ હોય તેવી સામગ્રી ત્યાં એકત્ર કરો અને એમાથી જે ફળ ઉદ્દભવવા યોગ્ય છે. તેનાથી તમને કોઇ સત્તા વિમુખ રાખી શકે તેમ નથી, પરંતુ તે સાથે એ પણ ખરૂં કે એક પરિણામને યોગ્ય સામગ્રીમાંથી બીજા પ્રકારનું પરિણામ તમારી ગમે તેટલી યાચના છતાં તે આપી શકતો નથી. અચળતાની સાછે ઘાતકીપણું રહેલુંજ છે. નિયમ છે ત્યાં દયા હોતી નથી. કૃપા કે પ્રસાદને ત્યાં અવકાશ નથી. જો તેમ હોય તો એ નિયમ અચળ અને સ્થીર કહી શકાય નહીં. અચળ અને સ્થીર ન હોય તો કઈ સામગ્રીમાંથી કયું પરિણામ આવશે એનો નિર્ણય બની શકે નહીં અને તેમ થતાં મનુષ્યનો સર્વ પુરૂષાર્થ અટકી પડવાનો. કુદરત એવી ક્રૂર અને ઘાતકી છે એજ અમે તેની દયા અને ન્યાય-પ્રીયતા લેખીએ છીએ. એ સતા જો દયાવાન અને નબળા હૈયાની હોત તો પોતાનો નિયમ મનુષ્યોની કરૂણામય આજીજીથી હરવખત પલળી જઈ ફેરવી નાખત અને તેમ થતાં કઇ કૃતિમાંથી અથવા સામગ્રીમાંથી શું ફળ આપવું તેનું કાંઈ પણ ચોકસ એક સરખું ધોરણ રહેત નહીં.

સર્વ પ્રકારના પરિણામો સુખરૂપ કે દુઃખરૂપ ફળો મનુષ્ય પોતાનીજ કૃતિ વડે મેળવે છે. એ સત્યનું વિશ્વને દર્શન કરાવવામાં પ્રભુ મહાવીરના જીવનનું પ્રધાન સાર્થકય હતું. એ વિજ્ઞાનસિદ્ધ, શાસ્ત્રસિદ્ધ અને અનુભવસિદ્ધ નિયમમાં ઉચ્ચતર સતા ડખલ કરવા શક્તિમાન નથી. એ સત્ય જ્યારે જ્યારે ભૂલી જવાય છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે ત્યારે મહાવીર સરખા ઈશ્વર કોટીના તનુઓનો પ્રાદુર્ભાવ થઈ વિશ્વને એ પરમ સુંદર સત્યના પુનઃ લાભનો યોગ બને છે. કુદરતની કોઈ સૃષ્ટિમાં કૃપા કે પ્રસાદને સ્થાન નથી એવું ડિંડિમ નાદથી જૈન દર્શનના મહાત્મા પ્રભુ મહાવીરે જગતને પ્રબોધ્યું છે. કોઈ કોઇને સુખ કે દુઃખ ઉપજાવી શકવા સમર્થ નથી. એક નાની કીડીથી લઇ એક ચક્રવૃતિ નૃપતિ પર્યંત જેને જેને જ્યારે જ્યારે જે જે સુખ દુઃખ પ્રાપ્ત થાય છે તે સુખ દુઃખ તેમને પોતાની યોગ્ય અથવા અયોગ્ય કૃતીથીજ મળેલું હોય છે તેમનું કર્મજ તેમના તે સુખદુખનું કારણ હોય છે. અન્ય કાંઇ હેતુભૂત હોતું નથી જે કૃતિમાંથી જે ફળ મળવા યોગ્ય છે તેમાંથી દેવ કે રાક્ષસ, મનુષ્ય કે ઇશ્વિર, પશુ પક્ષી, કીટ કે જંતુ કોઈ ભાગી છુટવા સમર્થ નથી જ જે દુખને લાયક નથી તેને દુખ આવતુંજ નથી. જે મનુષ્ય પોતાના ખેતરમાં ઘઉં વાવી ઘઉંનાં પાકના પરિણામને લાયક બન્યો છે તેને બંટી કે બાવટાનું પરિણામ આવતું નથી દુઃખને લાયક કૃતિના બિજ જેણે વાવેલા છે તેને તે તે પ્રકારના ફળથી બચી શકાતું નથી. ખ્રીસ્તી ધર્મના મહાત્મા જેસસક્રીસ્ટે ખરૂ કહ્યું છે કે ( Be not deceived, God is not mocked whatever a man Soweth that shall he all so reap) અર્થાત "ભ્રાંતિવશ થાઓ નહી, ઈશ્વરી ન્યાયને તમે મુર્ખ બનાવી શકો તેમ નથી. મનુષ્ય જે જે વાવે છે તેજ લણે છે " આ સત્ય મનુષ્ય ભૂલી જઈ ઘણીવાર એક કલ્પિત મહા સત્તા આગળ, જે કૃતિમાંથી જે ફળ મળવું જોઇએ તે કૃતિમાંથી તે ફળ ન મળવા અને કાંઈ બીજુજ મળવા કરૂણસ્વરે પ્રાર્થના કરે છે. અને એ અચળ નિયમને પોતાના સંબંધે જરા ફેરવી નાખવા વિનવે છે મુર્ખ ભ્રાન્તિવશ મનુષ્ય ?

તમારી કૃતિના પરિણામમાંથી ભાગી છુટવાનો પ્રયત્ન નિષ્ફળ છે. અને તે તે કૃતિના પરિણામની આપત્તિ તમારા ઉપર ન થાય એ અર્થે કોઇ મહાસત્તા આગળ આંખમાં આંસુ લાવી દયામણું મુખ કરવું તે પણ વ્યર્થ છે. પૂર્વે અયોગ્ય કૃતિ કરી હોય તો અને તેનું પરિણામ ઉદયમાં આવી ગયું હોય તો સિંહની માફક મરદાઇથી તે દુખરૂપ ભોગવી લ્યો. પણ બકરાની માફક આરડવું એ યોગ્ય નથી. ઉચ્ચતર સત્તા આગળ તમારૂં દુખ દુર કરવા માટેની આજીજી શા માટે કરો છો ? તે સત્તાના હાથમાં તે નથી. જે કાંઇ છે તે તમારા હાથમાંજ છે. તમે એક સ્વતંત્ર અને અમુક મર્યાદામાં મુક્ત આત્મા છો તમારૂં પ્રથક વ્યકિતત્વ છે. પુરૂષાર્થનો અવકાશ છે. અને કઈ કૃતિનું શું ફળ મળવા યોગ્ય છે તે ન્યુનાધિક અંશે સમજો છો પછી જે કર્મનું જે ફળ આવવું ઘટે છે તે ન આવવાની અને ન ઘટતું ફળ આવવાની બેવકુફાઇ ભરેલી પ્રાર્થના કરી શા માટે હેરાન થાઓ છો ? તેને બદલે પ્રથમથીજ કર્મ કરતી વખતે વિચાર રાખી તેનું ફળ મળવા વખત ન આવે તેમ કરવું જોઇએ; તેવી પ્રાર્થનાને બદલે તેઓએ શી રીતે મોક્ષ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાધ્યો, કર્મની નિર્જરા શી રીતે કરી તેવા તે પદને પામ્યા તેની ચિંતવના તેનું સ્વરૂપનું ધ્યાન કરવું અને તેવી પ્રાર્થના કરવી જોઇએ.

મનુષ્યો એક તદન સાદા અને સરળ સત્યને કેમ ભૂલી જાય છે અને અવળે રસ્તે ચઢી જાય છે તેનાં દૃષ્ટાંતની શોધમાં તમે હોતો તે આંહીજ છે. " કર્મ તેવું ફળ " એ સુંદર સત્ય ભૂલી જઈ મનુષ્યો ઇચ્છા પ્રમાણે ફળ મેળવવાનો ધંધો લઇ બેઠા છે, અને દેવળોમાં એ મુર્ખાઈ ભરેલી પ્રાર્થનાઓનો ઉચ્ચ સ્વરે પોકાર કરી રહ્યા છે. મહાવીરપ્રભુએ કોઈ સ્થાને એમ નથી કહ્યું કે મારી પ્રાર્થના કરશો તો હું અમુક અયોગ્ય કર્મમાંથી ઉદ્દભવવા યોગ્ય પરિણામનો પરિહાર કરીશ અને કાંઈ બીજુંજ તમને ઇષ્ટફળ આપીશ. તેમણે જગત્‌ને કર્મનો મહા નિયમ સમજાવી " કૃતિ તેવું ફળ " નું સ્વરૂપ સમજાવ્યું છે. અને તે હકીકત ધ્યાનમાં લઇ તેઓનું આલંબન ગ્રહી અનેક મનુષ્યો તેવા ઉપદેશથી મુક્ત થાય છે આમ છતાં હજારો જૈનોને અતઃકરણમાં એજ પ્રાર્થના પૂજાકાળે રહ્યા કરતી હોય છે કે અમને અમુક મળો અને અમુક ન મળો બંધુઓ ? તે મળવાનું કે ન મળવાનું, જેને તમે પ્રાર્થના કરી રહ્યા છો તેના હાથમાં નથી તો પછી શા માટે એવી અયોગ્ય માગણીઓ કરો છો ? એ પ્રભુએ તો તમને સ્પષ્ટપણે કહ્યું છે કે આત્માજ પોતાના સ્વર્ગ કે નર્કનો, સંસાર કે મોક્ષનો, સુખ કે દુઃખનો કર્ત્તા છે. જો એ પરિણામ તેમણે પોતાના હાથમાં રાખ્યું હોત તો તેઓ એમ કહેવાને બદલે આમ કહેત કે "તમને જે ઠીક પડે તે આચરણ કરજો પણ મારી પ્રાર્થના અને ખુશામત હમેશા કરતા રહેજો એટલે હું તમને ધારેલું ફળ આપીશ. ", પણ પ્રભુએ તેવું કશું કહ્યું નથી. તેઓ કર્મના નિયમને યથાર્થ સ્વરૂપે સમજતા હતા અને તેથી જગતને પોતાની તેવી પ્રાર્થના કરવાનું કહ્યું નથી જેને જે પરિણામ ઈષ્ટ હોય તેવું પરિણામ લાવવાને યોગ્ય કર્મ કરવાનું કહ્યું હતું અને અનેક આત્માની મુક્તિ થાય તેવો સ્પષ્ટ ઉપદેશ આપ્યો હતો. છતાં લોકો રસ્તો બતાવનારને લઈ પડ્યા છે. તેઓ કરવાનું છે તે કરતા નથી. જે ફળ તેમને ઇષ્ટ છે તે ફળને ઉપજાવનારી કૃતિ કરતા નથી. પણ રસ્તો બતાવનાર ઉપર પોતાના તારણનો બધો બોજો નાખી પોતે તો પોતાની ( સંસાર વૃદ્ધિની ) નિત્ય કૃતિ કર્યે જાય છે. ખરેખર મહાવીર પ્રભુએ " કર્મ તેવું ફળ " સમજાવતી વખતે આવું પરિણામ નહીંજ ધારેલું હોય ?

જે સુખ દુખ કે જે ફળ મનુષ્યે પોતાની કૃતિથી ઉત્પન્ન ન કર્યું હોય અને જેને માટે તે લાયક ન હોય એવું એક પણ ફળ મનુષ્યને આજ પર્યંત મળ્યું નથી એ વાત નિઃસંશય છે. અને હવે મળવાનું પણ નથી એ બીના પણ તેટલીજ સંદેહ વિનાની છે. શુળીએ ચઢનાર, ફાંસીને લાકડે લટકનાર, તોપને મોઢે ઉડનાર, શમશેરથી કપાઈ મરનાર, અગ્નિમાં બળી મરનાર કે પાણીમાં ડુબી જનાર એ સર્વ પો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાનું મૃત્યુ પોતાનીજ કૃતિથી ઉત્પન્ન કરે છે. એવા પ્રકારના મૃત્યુનાબીજ તેમણે અવશ્ય પૂર્વે વાવેલાજ હોય છે. તેમને તે વાવ્યાની વર્ત્તમાનમાં ખબર નથી હોતી તેથી કદાચ તેઓ કુદરતના ઘરે અંધેર કલ્પે તો પણ વસ્તુતઃ ત્યાં એવો ઘોટાળો ચાલતો નથી. અથવા એકને મળવાનું બીજાને કે બીજાનું ત્રીજાને ભૂલથી મળી જતું નથી. આંધળા, લુલા, રોગી, મુંગા કે કોઢીઆએ પોતાનીજ કૃતિથી તે તે સ્થિતિ ઉપજાવી હોય છે. નિર્ધન, પુત્રહિન, ઘરબાર રહિત કે સ્ત્રી વિનાના મનુષ્યોને કોઇ બીજાએ તેવા બનાવ્યા નથી, પોતે જ પોતાને તેવા બનાવ્યા છે. તેજ પ્રમાણે શ્રીમાન, સત્તાવાન અને સુખી મનુષ્યોના ઉપર કોઇએ પક્ષપાત કરી તેવા બનાવ્યા હોતા નથી, પણ તેમણે પોતાની કૃતિ વડે પોતાને તેવા સંયોગોમાં મુકયા છે. કર્મના અપ્રતિહત નિયમને અનુસરીનેજ તેઓ સર્વ પોતપોતાની વર્તમાન સ્થિતીમાં આવ્યા હોય છે. એ નિયમની સાણુસીમાંથી કોઇ બચ્યું નથી કે કોઈ બચનાર નથી. મહાવીર પ્રભુના આ ઉપદેશને ગમે તેટલી વાર પુનઃ પુનઃ કહીએ તો પણ પુનરૂક્તિ દોષનું કલંક લાગતું નથી, એ સત્ય પરમ સુંદર છે. પરમ મંગળ છે. હમારી કૃતિ અને તેમાંથી મળવા યોગ્ય ફળ વચ્ચે કોઈ આડખીલ ન કરે એના જેવું સૌભાગ્ય કયું હોઈ શકે ? અન્યથા હોત તો હમને પુરૂષાર્થનો અવકાશજ ન રહતે અને કોઇ મનસ્વી સત્તાના તરંગના ભોગ થઈ પડત. પરંતુ તેમ નથી એજ આપણું ધન્યભાગ છે.

મનુષ્યોએ એ નિશ્ચયને પોતાના અંતઃકરણમાં સતત આરૂઢ રાખવો ઘટે છે કે " મને સુખ આપનાર કે દુઃખ આપનાર કોઇ નથી પણ હું પોતેજ છું. મારી અયોગ્ય કૃતિ વિના મારો વાળ વાંકો કરનાર કોઇજ નથી. " એ નિશ્ચયમાંજ મનુષ્યનું વાસ્તવબળ સમાએલું છે. એટલાજ માટે મહાવીર દેવે આત્માને નિશ્ચયથી પોતાનેજ સર્વ દેવોના અધિપતિ રૂપે સિદ્ધ સમાન કહ્યો છે. મનુષ્યની નિર્બળતા બીજા ઉપર પોતાના સુખદુખનો આધાર રાખવા પ્રેરે છે. આ અનિષ્ટ પરિણામમાંથી ઉગારવાતે મહાપ્રભુએ સમજાવ્યું કે " મનુષ્યો ? તમે વાવો તેવુંજ લણશો. " આમ છે તો પછી આપણે બીજા ઉપર આધાર ન રાખતા આપણા ઉપરજ રાખવો ઘટે છે.

દુષ્કાળ, ધરતીકંપ, પ્લેગ, જળની રેલ, જ્વાળામુખીનું ફાટવું, મોટી આગો એ સર્વેને કર્મફળ પ્રદાયી સત્તા લાયકમનુષ્યોને લાયકફળ આપવાજ મોકલે છે પ્રચંડયુદ્ધનો દાવાનળ પણ એજ ફળપ્રવર્તક સત્તા સળગાવે છે. આપણી અલ્પદૃષ્ટિને કદાચ એમ ભાસે છે કે એમાં લાખો અને કરોડો, નિર્દોષ લોકોનો કચ્ચરઘાણ વળી જાય છે તેમાં કુદરતનો ન્યાય કયાં છે ? પરંતુ જે ફળને માટે જે પ્રાણી લાયક છે તેને તેટલું તેવા પ્રકારનું પરિણામ આપીને એ સત્તાનો વેગ વિરમે છે આગ જેટલું બાળવાનું વ્યાજબી હોય છે તેટલુંજ બાળીને કર્મસત્તાની પ્રેરણાથી પાછી શમી જાય છે. પ્લેગ જેટલા તનુઓના વિનાશ સાધવા આવેલો હોય છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેટલાનોજ નાશ કરી થંડો પડે છે. યુદ્ધ પણ જેટલા મનુષ્યોનો સંહાર કર્મફળ પ્રદાયી સત્તાની દષ્ટિએ યોગ્ય હોય તેટલોજ કરી બંધ પડે છે. ધરતીકંપ કે જ્વાળામુખી, રેલ કે દુષ્કાળ જેટલા દેશને ઉજડ કરવો વ્યાજબી ઘટે છે તેટલોજ ઉજડ કરી અદૃશ્ય થાય છે. વિવિધયુક્તિઓવડે સુરક્ષિત કરેલા ઘરો ક્ષણમાં ભસ્મીભૂત થાય છે અને જેનું રક્ષણુ કરનાર કોઇ હોતું નથી એવું એકાદ ઝુંપડું બચી જવા પામે છે. કારણુ એજ છે કે એ સુરક્ષિત ગ્રહ બળવાને અને ઝુંપડું નહી બળવાને યોગ્ય હતું. અયોગ્યને યોગ્યની અને યોગ્યને અયોગ્યની આપત્તિ થતી નથીજ. આખો દિવસ પ્લેગથી બચવાની વેતરણુ કર્યા કરનાર અને દીવસમાં દશવાર પ્લેગબાધક દવા પીનારનો પ્લેગ ટોટો પકડે છે અને પ્લેગના વાતાવરણુની મધ્યમાં રહેતી ડોશીનો વાળ પણુ વાંકો થતો નથી. એ સર્વનું કારણુ સ્પષ્ટ છે. અને તે એજ કે જ્યાં જ્યાં જે જે થવું યોગ્ય છે અને જેના કારણો પૂર્વે રચાયા છે ત્યાં ત્યાં તેવું તેવું અવશ્ય થાયજ છે. આત્માને જ્યારે કર્મફળદાત્રી સત્તા યોગ્ય સમય થયે ફળ આપવા ઉદ્યુક્ત થાય છે ત્યારે કરોડો મનુષ્યો તે ફળથી ઉગારવા તમારે વ્હારે ધાય તો પણુ કાંઇજ તે લેખે લાગતું નથી. અને આખુ વિશ્વ તમારૂં બુરૂં કરવા એક સંપ કરી તમારી પાછળ પડયું હોય છતાં અંતરાત્માથી તમે રક્ષાએલા હો તો તમને કશુંજ થવાનો સંભવ નથી. સર્વ પ્રકારની કારણુ સામગ્રી એ અંતરાત્માના ક્ષેત્ર ઉપર રચાય છે, અને ફળ પણુ ત્યાંથી ઉપજે છે. મારનાર કે જીવાડનાર આત્માજ છે. નિર્ધનતા, વ્યાધિ, મૃત્યુ એ આત્મા પોતાને માટે પોતેજ પોતાની કૃતિવડે ઉપાર્જે છે. આત્મા જાણ્યે અજાણ્યે તેવા પરિણામને યોગ્ય કૃતિ કરી તે તે ફળ મેળવતો હોય છે.

પુનઃ પુનઃ એજ વાત પ્રભુ મહાવીરે પ્રબોધી છે કે આપણે આપણુને પોતાનેજ ઉગારી શકીએ છીએ. આપણે બીજાને કે બીજા આપણુને ઉગારી શકતા નથી. આપણે આપણું પોતાનું દુઃખ ટાળી શકીએ છીએ. આપણે બીજાનું કે બીજા આપણું દુઃખ ટાળી શકતા નથી. એટલું છે કે આપણે બીજા અથવા બીજા આપણુને સુખ મેળવવા અને દુઃખ ટાળવા શું કૃતિ કરવી યોગ્ય છે તેની સમજણુ–બોધ–ઉપદેશ આપી શકે. સત્કર્મમાં પરસ્પરસ ઉત્સાહ આપી શકીએ, દુષ્કર્મનો ત્યાગ કરવા ચેતવણી આપી શકીએ. આ કરતા અધિક એક મનુષ્ય બીજાનું કશુંજ હિતાહિત કરવા સમર્થ નથી. આપણે બીજાના ઉપર જે કાંઈ ઉપકાર કરી શકીએ તે એટલોજ કે સામા મનુષ્યને પોતાના અંતઃકરણમાં ઉત્તમ ફળને પ્રગટાવનારી બીજક સામગ્રી વાવવા ભલામણુ કરી શકીએ. અને આપણા ચારિત્ર્ય કે નૈતિક પ્રભાવથી તેને સન્માર્ગે વાળવાની છાપ પાડી શકીએ. તેનું દુઃખ ટાળવાની કે સુખ આપવાની આપણામાં તાકાત નથી. પણુ તે કઇ કૃતિ વડે ઇષ્ટ લાભ અને અનિષ્ટ પરિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હાર કરી શકે તેનો રસ્તો બતાવી શકીએ. એક મનુષ્ય બીજાને પોતાની સામગ્રી સમર્પી શકતો નથી અથવા અનુભવાવી શકતો નથી. જેનું હૃદય પોતાની કર્મફળ સત્તાના પ્રભાવથી દુઃખ ભોગવવા યોગ્ય બન્યું છે તેને સુખનો અનુભવ કરાવી શકવાના નહીંજ. કેમકે સુખનું ઉત્પત્તિ સ્થાન તેના હૃદયમાં છે. અને જ્યારે ત્યાં સુખાનુભવને યોગ્ય કારણો નથી ત્યારે બહારથી તેના ઉપર વળગાડવામાં આવતા સુખનાં સાધનો તેને સુખનું ભાન કરાવી શકતા નથીજ. અંતરાત્માને જે જે ફળ આપવું ઇષ્ટ હોય છે તેમાં ફેરફાર કરવા કોઈ સમર્થ નથી. જે કાંઇ સામર્થ્ય છે તે એટલુંજ કે સૂક્ષ્મ પ્રદેશ ઉપરની કારણ સામગ્રીમાં ફેરફાર કરવા સલાહ આપી તેને સન્માર્ગમાં વાળવા સુચવી શકે.

કર્મના નિયમની આ અચળતા અને અમોઘતા જોઈ ઘણા અજ્ઞાન મનુષ્યો ભડકી ઉઠે છે અને કહે છે કે આ વિશ્વમાં મનુષ્યને સ્વાતંત્ર્ય જેવું કશુંજ નથી. મનુષ્ય ચારે તરફથી કર્મની સાંકળથી સજ્જડપણે સંકડાએલો છે, અને કર્મસત્તાના દબાણમાં ચોતરફથી જકડાઇ ગયો છે વસ્તુતઃ તેમ નથી. મનુષ્ય અમુક મર્યાદામાં એક સ્વતંત્ર વ્યક્તિ છે (Free agent) છે. આ સ્વાતંત્ર્ય કેવા પ્રકારે ઘટી શકે છે. અને કર્મના નિયમની અચળતા સાથે એ સ્વાતંત્ર્યનો સમન્વય કેવી રીતે હોઈ શકે તે આગલા અંકમાં જણાવીશું. (અપૂર્ણ.)

**લેખક–અભ્યાસી.**

## "દશમી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ મુંબઇમાં"

### તા. ૨૧–૨૨–૨૩ એપ્રીલ, ચૈત્ર વદી ૪–૫–૬.

ગયા વર્ષમાં શ્રી સુજાનગઢ ભરાયેલ નવમી કોન્ફરન્સમાં આમંત્રણ કર્યા મુજબ આ વખતે ઉપરની તારીખે અલબેલી મુંબઇ નગરીમાં ઉક્ત પરિષદ ભરવાની આમંત્રણ પત્રિકાઓ બહાર પડી ગયેલ છે. આ વખતે વડોદરા નિવાસી ડાક્તર બાલાભાઈ મગનલાલ નાણાવટી એલ. એમ. એન્ડ એસ. જેઓ ગાયકવાડ સરકારના ચીફ મેડીકલ ઓફીસર છે, તેઓએ પ્રમુખસ્થાન લેવાનું સ્વીકાર્યું છે.

રીસેપશન કમીટીના પ્રમુખ શેઠ કલ્યાણચંદ સૌભાગ્યચંદ ઝવેરી અને સેક્રેટરીઓ તરીકે રા. રા. મકનજી જુઠાભાઇ મહેતા અને મોતીચંદ ગીરધરલાલ કાપડીયાની નીમનોક કરવામાં આવી છે. સિવાય શુમારે વીશ ઉપપ્રમુખોની પણ નીમનોક કરવામાં આવી છે. સિવાય મંડપકમીટી, ભોજનકમીટી, ઉતારાકમીટી, ટીકીટ કમીટી વીગેરે કમીટીઓ પણ નીમાઇ ગઈ છે. વોલંટીયર કમીટીની નીમનોક થઈ છે, જેમાં પ્રમુખ શેઠ નરોતમદાસ ભાણજીની નીમનોક કરવામાં આવી છે. વોલંટીયર કમીટીના નીમાયેલ પ્રમુખ ઘણાજ બાહોશ અને શાંત છે, જેઓ પોતાની કારકીર્દી માટે સુપ્રસિદ્ધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. વોલંટીયર સુપરીનટેન્ડેન્ટ તરીકે બરોડીયા વાડીલાલ દોલતચંદની નીમનોક કરવામાં આવી છે, જેઓ મુંબઈ શહેરની પોલીસખાતામાં એક અધિકારી હોવા છતાં શાંત અને મીલનસાર છે, જે નિમનોક યોગ્ય થયેલ છે. વળી રેજ્યુલેસન ડ્રાફ્ટ (વિષયો ચર્ચવાનો ખરડા)ની કમીટીની નીમનોક થયેલ છે, જેના પ્રમુખ શેઠ લખમશી હીરજી મૈશરી અને સેક્રેટરી તરીકે રા. રા. મોહનલાલ દલીચંદ દેશાઇ તથા બરોડીયા ઉમેદચંદ દોલતચંદની નીમનોક કરવામાં આવી છે, તેઓ તરફથી નક્કી કરેલા રેજ્યુલેશનનો કાચો ખરડો દરેક સ્થળે મોકલવામાં આવેલ છે, જે વાંચતા દરેક વિષયો આદરણીય અને ખરેખર ચર્ચવા જેવા છે અને સમાજ ભવિષ્યની ઉન્નતિના બીજરૂપ છે. કોમના હિતનું વિચાર કરનારૂં, અને સમાજની ઉન્નતિની નૌકા સમાન આ મંડળ બધી રીતે આવકારદાયક છે. આ મંડળને દરેક મનુષ્યે (જૈન બંધુઓએ) પોતાની બુદ્ધિનો, પૈસાનો અને વખતનો ભોગ આપી સર્વ પ્રકારે સહાયક થવું જોઇએ. સર્વે એ તેમાં ભાગ લઈ પૂર્ણ લાગણી બતાવવી જોઇએ. અને તેમ થતાં સર્વની સહાયનો અને સર્વના કાર્યોનો સરવાળો કોન્ફરન્સે કર્યું છે, એમ અંતઃકરણપૂર્વક માનવું મનાવવું જોઇએ.

આ વખતે ભરવામાં આવતી કોન્ફરન્સનું સ્થળ આખા હિંદના જૈન બંધુઓને બેવડી રીતે લાભકારક છે. વ્યાપારનો સંબંધ આ શહેરને સર્વ સાથે હોવાથી આ મંડળમાં ભાગ લેવાશે, અને પોતાના વ્યાપારાદિ કાર્યો પણ થશે. જેથી જેમ બને તેમ વધારે સંખ્યામાં અવશ્ય જૈન બંધુઓએ હાજરી આપવી–ભાગ લેવો. ગમે તે કારણોથી મતભેદ હોય તો દુર કરી, કોમના હિતના અંગે થતા આ ઉત્તમ કાર્યમાં અવશ્ય ભાગ લેશે.

## " સૂક્ત મુક્તાવલી "

### ( સુગમ ભાષા અનુવાદ. )

( ગતાંક પૃષ્ટ ૧૮૫ થી શરૂ. )

( લેખક—શાંતમૂર્તિ કર્પૂરવિજયજી મહારાજ. )

### " સુખદાયી સજ્જનતા આદરો. "

૬૧ કોપાયમાન થયેલા કાળા નાગના મુખમાં હાથ ઘાલવો સારો, જાજ્વલ્યમાન અગ્નિ કુંડમાં ઝંપાપાત ખાવો સારો, અને ભાલાની અણી જલ્દી પેટમાં ખોસી દેવી સારી, પરંતુ સુજ્ઞ જનોએ સકળ આપદાના સ્થાનરૂપ દુર્જનપણું આદરવું સારૂં નહિં.

૬૨ સજ્જનતાજ જશનો જમાવ કરે છે, તેમજ સ્વશ્રેય, લક્ષ્મી અને મોક્ષ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ મેળવી આપે છે. તેમ છતાં હે પામર જીવ ! તું જે દુર્જનતા આદરે છે તે તો ઉલટું લેવાનું દેવું કરે છે. એટલે જળ સિંચવા વડે મેળવી શકાય એવા ધાન્ય-ક્ષેત્રમાં અગ્નિ મૂકે છે. સજ્જનતા વડે મેળવી શકાય એવા યશ લક્ષ્મી અને મોક્ષાદિકની પ્રાપ્તિ દુર્જનતા આદરવા વડે કદાપિ પ્રાપ્ત થઈ શકેજ કેમં ?

૯૩ સજ્જનતાવંત જનોને કદાચ નિર્ધનપણું હોય તો પણ સારૂં પરંતુ દુર્જનતાવાળા નિંદ્ય આચરણવડે વિશાળ લક્ષ્મી પેદા કરી હોય તે સારી નથીજ કેમકે પરિણામે સુંદર-સુખદાયી એવું સ્વાભાવિક દુર્બળપણું પણ શોભે છે પરંતુ પરિણામે દુઃખદાયી એવી સોજા પ્રમુખ વિકારજનિત સ્થૂલતા શોભતી નથી. સોજા પ્રમુખ વિકારજનિત સ્થૂલતા જેવી નિંદ્ય આચરણવડે પ્રાપ્ત કરેલી અને સ્થૂલ દ્રષ્ટિવડે દેખવામાં-માનવામાં આવતી વિશાળ લક્ષ્મી જે પરિણામે અતિ દુઃખદાયી નીવડે છે.

૯૪ સજ્જનતાનું લક્ષણ શું એમ પૂછવામાં આવે તેનું સમાધાન કે જે પારકાં દૂષણ બોલે (કથે) નહિ, અલ્પ માત્ર પણ અન્યના ગુણ ઉચ્ચરે-અનુમોદે, પારકી સમૃદ્ધિ જોઈ સંતોષ ધરે ( રાજી થાય ); અને પરપીડાને દેખી શોચ ધરે ( દીલગીર થાય ); આપ પ્રશંસા ન કરે, ન્યાય-નીતિ નં તજે, ઉચિતતાનું ઉલ્લંઘન ન કરે, વળી કટુક-કઠોર વચન કોઈએ કહ્યાં છતાં તેના ઉપર રીસ ન કરે-ક્ષમા રાખે એવું ઉદાર ચરિત્ર સજ્જનોનું હોય છે. ઉકત લક્ષણ જેમનામાં લાભે તેમને સજ્જન સમજવા. સજ્જનતાવડેજ જીવ ધર્મને યોગ્ય બને છે; જ્યાંસુધી સજ્જનતાજ આવી નથી ત્યાંસુધી ધર્મકરણી લેખે લાગવી મુશ્કેલ છે એમ સમજી સર્વ સુખના મૂળરૂપ શુદ્ધ ધર્મની યોગ્યતા પ્રાપ્ત કરવા માટે પણ સજ્જનતા પ્રાપ્ત કરવી ઉચિત છે.

## 'જેવા તેવાનો સંગ તજી ગુણીજનોનો સંગ કરો.'

૯૫ ગુણીજનોનો સંગ તજી, જે મતિહીન કલ્યાણની ઇચ્છા કરે તે દયાહીનને જેમ ધર્મની ઇચ્છા, નીતિ રહિતને યશની ઇચ્છા, પ્રમાદીને પૈસાની ઇચ્છા, પ્રજ્ઞા-બુદ્ધિ રહિતને કાવ્ય કરવાની ઇચ્છા, સમતા અને દયા રહિતને તપનો લાભ લેવાની ઇચ્છા, બુદ્ધિ રહિતને શાસ્ત્રપઠનની ઇચ્છા, ચક્ષુ રહિતને વસ્તુ દેખવાની ઇચ્છા અને અસ્થિર ચિત્તવાળાને ધ્યાનની ઇચ્છા થાય તેના જેવી (સત્સંગ રહિતને કલ્યાણની ઇચ્છા) વ્યર્થ સમજવી.

૯૬ ઉત્તમ ગુણીજનોનો સમાગમ મનુષ્યોને શું શું ઇચ્છિત લાભ નથી પેદા કરી આપતો? સત્સંગ કુમતિને હરે છે, મોહને ભેદે છે, વિવેક જગાડે છે, સંતોષ આપે છે, નીતિ પેદા કરે છે, ગુણોને વિસ્તારે છે, (વિનીતતા-નમ્રતા લાવે છે),

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યશ કીર્તિનો ફેલાવો કરે છે, ધર્મને ધારે છે અને દુર્ગતિને ફેડે છે. આ બધો પ્રભાવ સત્સંગનો જાણવો.

૬૭ હે શાણા ચિત્ત! જો તું બહુ બુદ્ધિ મેળવવા, આપદાને દુર કરવા, ન્યાયમાર્ગમાં પ્રવર્ત્તવા, જશ પામવા, પાપફળને રોકવા અને સ્વર્ગ તથા મોક્ષની સંપદા અનુભવવા ઇચ્છતું હોય તો ગુણીજનોનો સંગ આદર.

૬૮ જે નિર્ગુણી-ગુણહીનનો સંગ મહત્વનો લોપ કરે છે, ઉદયનો અસ્ત કરે છે, દયારૂપ ઉદ્યાનને ફેંદી નાખે છે, કલ્યાણને ભેદી નાખે છે, દુર્બુદ્ધિને વધારે છે અને અન્યાયને ઉત્તેજન આપે છે, તેનો આશ્રય કલ્યાણના અર્થીજનોને કરવા યોગ્ય કેમ હોય ? નજ હોય. નીચ-નાદાનની સંગતિથી અનેક પ્રકારે હાનિજ થાય છે. એમ સમજી નીચ સંગતિ તજી સત્સંગતિજ સેવવા લક્ષ રાખવું.

## 'ઇન્દ્રિયોને મોકળી નહિ મૂકતાં કાબૂમાં રાખતા રહો.'

૬૯ જે ઇન્દ્રિયો આત્માને ઉન્માર્ગે લઇ જવા ઉદ્ધત ઘોડાઓ જેવી છે. કૃત્યાકૃત્ય સંબંધી વિવેકરૂપ જીવિતને હરવા કાળા નાગ જેવી છે, અને પુન્યરૂપ વૃક્ષને ખંડોખંડ કરવા તીક્ષ્ણ કુહાડા જેવી છે તે વ્રતની મર્યાદા તોડી નાંખનારી ઇન્દ્રિયોને જીતી તું કલ્યાણભાગી થા.

૭૦ જે ઇન્દ્રિયો પ્રતિષ્ઠાનો લોપ કરે છે, નીતિનું ધોરણ બગાડી નાંખે છે, અકૃત્ય કરવા બુદ્ધિને પ્રેરે છે, સ્વેચ્છા મુજબ વર્તવામાં રાગ વધારે છે, વિવેકની ઉન્નતિનો વિનાશ કરે છે, અને આપદા ઉપજાવે છે. એ રીતે અનેક દોષના સ્થાનરૂપ તે ઇન્દ્રિયોને તું વશ કર.

૭૧ ચ્હાય તો મૌન ભજો, ગૃહવાસ તજો, સર્વ આચાર ચાતુર્ય સેવો, ગચ્છવાસમાં રહો અથવા વન મધ્યે વસો, સિદ્ધાન્ત પઠન કરો, અથવા તપ તપો, પરંતુ જ્યાં સુધી કલ્યાણરૂપ વનવૃક્ષોને ભાંગવા મહાવાયુ સમાન ઇન્દ્રિયોના સમૂહને જીતવા લક્ષ આવ્યું નથી ત્યાં સુધી પૂર્વોક્ત મૌન વ્રતાદિક સઘળું રાખમાં હોમેલાં જેવું જાણવું.

૭૨ ધર્મનો ધ્વંસ કરવામાં મુખ્ય, સત્ય જ્ઞાનને આચ્છાદન કરનાર, આપદાને વિસ્તારવા સમર્થ, દુ:ખ ઉત્પન્ન કરવાની કળામાં પારગામી, વળી નિશ્ચે સર્વ અન્નભક્ષક, આત્માને અહિતકારી, અન્યાય માર્ગે અત્યંત ગમન કરનાર, યથેચ્છ વર્તનાર, અને અવળે માર્ગે ચાલનાર એવી ઇન્દ્રિય સમૂહને જીત્યા વગર જીવનું કલ્યાણ થતું નથી.

## 'લક્ષ્મીનો ચપળ સ્વભાવ સમજી તેનો સદ્વ્યય કરો.'

૭૩ લક્ષ્મી, નદીની પેરે નીચી વાટે વહે છે, નિદ્રાની પેઠે જ્ઞાન-ચૈતન્યને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૂર્છિત કરે છે, મદિરાની પેરે મદ–અહંકારને વધારે છે, ધૂમાડાના ગોટાની પેરે અંધ કરી મૂકે છે, વીજળીની પેરે ચપળતાને ભજે છે, અગ્નિ જવાળાની પેરે તૃષ્ણા વધારે છે, અને કુલટા નારીની પેરે સ્વેચ્છા મુજબ ફર્યા કરે છે.

૭૪ ગોત્રીયા જેની સ્પૃહા કરે છે, ચોર લોકો ચોરી કરે છે, રાજાઓ છળ જોઇ ખુંચવી લે છે, અગ્નિ ક્ષણમાત્રમાં બાળી નાંખે છે, પાણી ડુબાવી દે છે, ધરતીમાં દાટયું યક્ષો હઠથી હરી લે છે, અને દુરાચારી દીકરા વણુરી નાંખે છે તેવા પરતંત્ર ધનને ધિક્કાર પડો.

૭૫ દ્રવ્યના અર્થી એવા પંડિતજનો પણ શું શું કષ્ટ સહન કરતા નથી? તેઓ નીચની પણ ખુશામત કરે છે, તથા તેમને નીચા વળીને નમન ( મજરો ) કરે છે. નિર્ગુણી શત્રુના પણ મુકતકંઠે ગુણ વર્ણવે છે, અને કદર વગરના સ્વામીની પણ સેવા કરવામાં ખેદ લાવતા નથી.

૭૬ જાણે સમુદ્રના જળના સંસર્ગથીજ હોય તેમ લક્ષ્મી નીચ પ્રત્યે જાય છે, કમલિનીના સંસર્ગથીજ પગમાં કાંટો વાગ્યો હોય તેમ કોઇ સ્થળે પગ મૂકતી નથી ( ટકતી નથી ), અને વિષ સાથે વસવાથીજ હોય તેમ મનુષ્યોના જ્ઞાન ચૈતન્યનો એકાએક નાશ કરે છે, એમ સમજી ગુણી જનોએ લક્ષ્મીને ધર્મસ્થાનમાં જોડીને ( પુન્ય માર્ગે ખર્ચી ) તેનું ફળ લેવું.

### ' પાત્ર–સુપાત્ર દાનનો પ્રભાવ. '

૭૭ સુપાત્રમાં દીધેલું ઉત્તમ ન્યાયોપાર્જિત દ્રવ્ય સંયમની વૃદ્ધિ કરે છે, વિનય ગુણને ખીલેવે છે, જ્ઞાનને અજવાળે છે, સમતા રસને પોષે છે, તપને પ્રબળ કરે છે, શાસ્ત્ર પઠનને જોર આપે છે, પુન્યને ઉત્પન્ન કરે છે, સ્વર્ગનાં સુખ આપે છે અને અનુક્રમે મોક્ષ લક્ષ્મી પણ મેળવી આપે છે. અપૂર્ણ.

## વર્તમાન સમાચાર.

ન્યાયાંભોનિધિ જગદ્ઉપકારી શ્રીમદ્ **વિજયાનંદસૂરિ** ( આત્મારામજી ) મહારાજના પટ્ટધર શ્રીમાન્ આચાર્ય મહારાજ શ્રી **વિજયકમલસૂરિશ્વરજી** મહારાજ તથા મહોપાધ્યાય શ્રીમદ્ **વીરવિજયજી** મહારાજ તથા તેમના શિષ્ય જ્યોતિષ શાસ્ત્રવિશારદ શ્રીમાન્ પંન્યાસજી શ્રી **દાનવિજયજી** મહારાજ વિગેરે મળી ૧૩ ઠાણા અનેક સ્થળે વિહાર કરી અનેક સ્થળે ઉપકાર કરતા હાલ શ્રી ખંભાત શહેરમાં પધાર્યા છે. ઉક્ત આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયકમલસૂરીશ્વર મહારાજના વિદ્વાન શિષ્ય કે જેઓ એક ખરેખરા વ્યાખ્યાનકાર અને ભાષણ કરવાની સારી શક્તિ ધરાવનારા વિદ્વાન શ્રી માન્મુનિરાજ શ્રી **લબ્ધિવિજયજી** મહારાજે તા. ૧૭–૩–૧૯૧૬ ના રોજ ખંભાત જૈન શાળામાં શ્રીમાન્ પંન્યાસજી મહારાજ શ્રી **દાનવિજયજી** મહારાજના પ્રમુખપણા નીચે **"મનુષ્ય કર્તવ્ય"** એ વિષય ઉપર ભાષણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપ્યું હતું જે ઘણુંજ અસરકારક હતું જેમાં અનેક મનુષ્યો જૈન અને જૈનેતરોએ ભાગ લીધો હતો. તે પુરૂં થયા પછી તેઓના શિષ્ય મુનિરાજ શ્રી **ગંભીરવિજયજી**એ સાત વ્યસન ઉપર ભાષણ આપ્યું હતું. ભાષણો પુરા થયા બાદ સર્વનો આભાર માનતા સભા વિસરજન કરવામાં આવી હતી. ( મળેલું. )

# ગ્રંથાવલોકન.

## " પ્રશ્નોત્તર સંગ્રહ. "

ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદસૂરિ ( આત્મારામજી ) મહારાજે કલકત્તા એશીયાટીક સોસાયટીના સેક્રેટરી ડોકતર હોર્નલના પ્રશ્નોના આપેલા ઉત્તરોનો સમાવેશ આ ગ્રંથમાં કરવામાં આવ્યો છે. જૈન ધર્મ સંબંધી કેટલાક તત્ત્વજ્ઞાનના પ્રશ્નો ઉક્ત ડોકતર હોર્નલના પુછવાથી તેના જવાબો એટલાબધા સરલ રીતે આપવામાં આવ્યા છે કે આવા એક ઇતર ધર્મના યુરોપીયન વિદ્વાનને સંતોષ થવા સાથે ઉક્ત મહાત્માની અપરિમિત પ્રશંસા કરેલી છે, જેથી આ બુક ખરેખર તત્ત્વ જિજ્ઞાસુને વાંચવા જેવી છે. આવા ગ્રંથ જૈન સમાજને અતિ ઉપયોગી હોવાથી શ્રીપ્રવર્તકજી મહારાજ શ્રી **કાન્તિવિજયજી** મહારાજના શિષ્ય મુનિરાજ શ્રી **ભકિતવિજયજી** મહારાજે સંકલના કરી પ્રગટ કરવા ઇચ્છા જણાવવાથી વરતેજ નિવાસી કોન્ટ્રાક્ટર ભાવસાર ગાંડાલાલ માનસંગે પોતાના સ્વર્ગવાસી પ્રિયપુત્ર મગનલાલના સ્મરણાર્થે શ્રીજૈન **આત્મવીર સભા**–ભાવનગર મારફતે છપાવી પ્રસિદ્ધ કરેલ છે, જે માત્ર ભેટ આપવાને માટેનોજ પ્રયત્ન છે. સાધુ, સાધ્વીમહારાજ જ્ઞાનભંડાર જૈનશાળા, લાઇબ્રેરી વગેરેને પ્રસિદ્ધ કર્ત્તાને શીરનામે (કોન્ટ્રાક્ટર ગાંડાલાલ માનશંગ વરતેજ એ નામે) લખવાથી ભેટ મળી શકશે. અમો તેઓના આ પ્રયત્નને ધન્યવાદ આપીયે છીયે.

---

## નીચેનાં પુસ્તકો અમોને અભિપ્રાય અર્થે ભેટ મળેલા છે, જે આભાર સાથે સ્વીકારીએ છીએ.

ઉપદેશમાળા ભાષાંતર<br>પાંડવ ચરિત્ર ( જુનું ) } શા. ધરમચંદ ગોવિંદજી ભાવનગર.

ભવિષ્ય ફળ. સવંત. ૧૯૭૨ નું. મેસર્સ વર્ધમાન એન્ડ સન્સ. મુંબઈ.

પાંત્રિશ બોલ સરલ અર્થ સાથે. શા દુર્લભદાસ કાળીદાસ મેસાણા.

વૈદ્યવિજય. વૈદ્ય તિલકચંદ તારાચંદ સુરત.

સતી આદર્શ જીવનમાળા. જૈન પત્રની ઓફીસ ભાવનગર.

અવિદ્યાન્ધકાર માર્ત્તંડ. શ્રી આત્માનંદ ટ્રેકટ સોસાઇટી અંબાલા.

આયુર્વેદ ઉપચાર પદ્ધતિ ભા. ૧–૨ જો. વૈદ્ય જીવરામ કાળીદાસ ગોંડળ.

ચતુરબાઇ. દિગંબર જૈન ઑફીસ સુરત.

નડીયાદ હિંદુ અનાથાશ્રમનો તા. ૧–૮–૧૪ થી તા. ૩૧–૭–૧૫ નો રીપોર્ટ નડીયાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આ સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું અને હાલમાં છપાતા ઉપયોગી ગ્રંથો.

## તેમાં થતો જતો સંખ્યાબંધ વધારો.

## માગધી—સંસ્કૃત મૂળ અવચૂરિ ટીકાના ગ્રંથો.

૧ " સત્તરીય ઠાણુ સટીક " શા. ચુનીલાલ ખુબચંદ પાટણવાળા તરફથી.
૨ " સિદ્ધ પ્રાભૃત સટીક " પ્રાંતિજવાળા શેઠ કરમચંદની બીજી સ્ત્રીના સ્મરણાર્થે. હા. શેઠ મગનલાલ કરમચંદ તરફથી.
૩ " રત્નશેખરી કથા " શા. હીરાચંદ ગહેલચંદની દીકરી બેન પશીબાઈ પાટણવાળા ત.
૪ " દાનપ્રદીપ " શા. મુળજી ધરમશી તથા દુલભજી ધરમશી પોરબંદરવાળા ત.
૫ " શ્રી મહાવીર ચરિત્ર "— શ્રીનેમિચંદ્રસૂરિ કૃત. શા. જીવરાજ મોતીચંદ તથા પ્રેમજી ધરમશી પોરબંદરવાળા તરફથી શા. મુળજી ધરમશીના સ્મરણાર્થે.
૬ " સંબોધ સિત્તરી સટીક " શા. કલ્યાણજી ખુશાલ વેરાવળવાળા તરફથી.
૭ " ષટ્સ્થાનક પ્ર—સટીક " શા. પ્રેમજી નાગરદાસની માતુશ્રી બાઇ રળીયાત બાઇ માંગરોળવાળા તરફથી.
૮ " ચૈત્યવંદન મહાભાષ્ય " શા. ફુલચંદ વેલજી માંગરોળવાળા તરફથી.
૯ " સુસુખાદિમિત્ર ચતુષ્ક કથા " શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસપાટણવાળા તરફથી.
૧૦ " ષડાવશ્યક વૃત્તિ નમિસા. કૃત " શા. હરખચંદ મકનજી પ્રભાસપાટણવાળા તરફથી.
૧૧ " પ્રતિક્રમણ ગર્ભ હેતુ " શા. મનસુખભાઇ લલ્લુભાઈ પેથાપુરવાળા તરફથી.
૧૨ " સંસ્તારક પ્રકીર્ણ સટીક " શા. ધરમશી ગોવીંદજી માંગરોળવાળા તરફથી.
૧૩ " શ્રાવકધર્મ વિધિ પ્રકરણ સટીક " શા. જમનાદાસ મોરારજી માંગરોળવાળા તરફથી.
૧૪ " પ્રાચીન ચાર કર્મગ્રંથ ટીકાસાથે " શેઠ પ્રેમચંદ ઝવેરચંદ પાટણવાળા તરફથી.
૧૫ " ધર્મપરિક્ષા શ્રીજિનમંડનગણી કૃત " બે શ્રાવિકાઓ તરફથી.
૧૬ " સમાચારી સટીક શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયજી કૃત " શા. લલુભાઈ ખુબચંદની વિધવા બાઈ મેનાબાઈ પાટણવાળા તરફથી.
૧૭ " પંચનિગ્રંથી સાવચૂરિ " ૧૮ " પર્યંત આરાધના સાવચૂરિ "
૧૯ " પ્રજ્ઞાપના તૃતીયપદ સંગ્રહની સાવચૂરિ "
૨૦ " બંધોદયસત્તા પ્રકરણ સાવચૂરિ "
૨૧ " પંચસંગ્રહ " શેઠ રતનજી વીરજી ભાવનગરવાળા તરફથી.
૨૨ " શ્રાદ્ધવિધિ " શેઠ જીવણભાઈ જેચંદ ગોઘાવાળા. "
૨૩ " ષડ્દર્શન સમુચ્ચય " " "
૨૪ " શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર શ્રીમદ્ ભાવવિજયજી ગણીકૃત ટીકા. | બાબુ સાહેબ ચુનીલાલજી પન્નાલાલજી મુંબઇવાળા તરફથી.
૨૫ " બૃહત્ સંઘયણી શ્રી જિનભદ્રગણી. ક્ષમા શ્રમણ કૃત " એક સભા તરફથી.
૨૬ " કુમારપાળ મહાકાવ્ય " શા. મગનચંદ ઉમેદચંદની વિધવા બાઈ ચંદન પાટણવાળા તરફથી.
૨૭ " ક્ષેત્ર સમાસટીકા " શેઠ અમૃતલાલ છગનલાલ ભાવનગરવાળા તરફથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## " ભાષાંતરના ગ્રંથો "

૨૮ "શ્રાદ્ધગુણ વિવરણ" વોરા હઠીસંગભાઇ ઝવેરચંદ તરફથી ( બાઇંડીંગ થાય છે. )

# " નવા ગ્રંથોની થયેલી યોજના. "

### ( મૂળ ગ્રંથો )

૨૯ "કુવલયમાળા ( સંસ્કૃત ) સભા તરફથી.

૩૦ " શ્રીવિજયચંદ કેવળી ચરિત્ર " પાટણ નિવાસી બેન રૂક્ષમણી તરફથી.

૩૧ " વિજ્ઞપ્તિ ત્રિવેણી " (અપૂર્વ ઇતિહાસિક ગ્રંથ)

૩૨ શ્રી મેરૂત્રયોદશીની કથા. શા. વીરચંદ ખીમચંદ શ્રી ઇડરવાળા તરફથી.

### ભાષાંતરના ગ્રંથો.

૩૩ " શ્રીચંપકમાળા ચરિત્ર "

૩૪ " શ્રીસમ્યકત્વ સ્વરૂપ સ્તવ " [ સમ્યકત્વનું સરલ સ્વરૂપ ]

૩૫ " શ્રીસમ્યકત્વ કૌમુદિ " વિવિધ કથાઓ સહિત અતિ રસિક અને સુબોધક ગ્રંથ. શ્રીપાછીયાપરવાળા શાહ રણછોડદાસ ભાઇચંદ તરફથી.

---

## શેઠ બાલાભાઇ દલસુખભાઇનો સ્વર્ગવાસ.

કપડવંજ નિવાસી ઉકત શ્રીમાન્ ગૃહસ્થ ટુંકા વખતની માંદગી ભોગવી બાવન વર્ષે આ માશની શુદ ૫ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ કપડવંજ શહેરમાં અગ્રગણ્ય પુરૂષ હતા. સ્વભાવે સરલ, ધર્મ ઉપર દઢ શ્રદ્ધાવાળા અને દેવ ગુરૂની ભક્તિ કરનારા એક ખરેખરા શ્રાવક રત્ન હતા. તેઓ શ્રી મેહેસાણા શ્રેયસ્કર મંડળના એક કાર્યવાહક હતા. જાણવા પ્રમાણે છેવટની સ્થિતિએ પણ મુનિમહારાજના દર્શન કરી સમાધિ પૂર્વક દેહ છોડયો હતો. તેઓ અમારી સભાના લાઇફ મેમ્બર હતા સાથે પ્રથમથી ઘણી સારી લાગણી ધરાવતા હતા જેથી, કપડવંજ શહેરની જૈન પ્રજાને જેમ ખોટી પડી છે તેમ આ સભાને પણ એક લાયક સભાસદની ખોટ પડી છે. છેવટે તેઓના કુટુંબને દિલાસો આપવા સાથે તેઓના આત્માને શાંતિ મળો એમ પ્રાર્થના કરીયે છીયે.

---

## શાહ માણેકચંદ મોતીચંદનો સ્વર્ગવાસ.

અમોને જણાવતાં અત્યંત દીલગીરી ઉત્પન્ન થાય છે કે ભાઈ માણેકચંદ મોતીચંદ માત્ર આઠ દિવસની તાવની બીમારી ભોગવી શુમારે તેતાલીશ વર્ષની ઉપરે અત્રે આ માશની સુદ ૨ ના રોજ પંચત્વ પામ્યા છે. તેઓ સ્વભાવે સરલ, શાંત, માયાળુ અને ધાર્મિક વૃત્તિવાળા હતા. તેઓ આ સભાના સભાસદ હોઇ સારી લાગણી ધરાવતા હતા. તેઓના કુટુંબને દિલાસો આપવા સાથે તેઓના આત્માને શાંતિ મળે એમ ઇચ્છીએ છીયે.

For Private And Personal Use Only